Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ




પુ૦ ૨૯ મું.
ફાલ્ગુન.
અંક ૮ મો.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

વીર સં. ૨૪૫૮
આત્મ સં. ૩૬
વિ. સં. ૧૯૮૮

મૂલ્ય રૂા. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | |
|---|---|---|
| ૧ અભિલાષ ... ... ... ... ... | મોતીલાલ નરોત્તમ ... ... | ૧૮૧ |
| ૨ કેટલાક ધાતુ પ્રતિમા લેખો ... ... | ભોગીલાલ જયચંદ ... ... | ૧૮૨ |
| ૩ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... | મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ. ... | ૧૮૭ |
| ૪ અમારી પૂર્વદેશની યાત્રા.... | મુનિ૦ શ્રી ન્યાયવિજયજી મહારાજ. ... | ૧૯૧ |
| ૫ ધર્મસાગર ઉપાધ્યાય રાસ... | મોહનલાલ દલીચંદ દેશાઇ... ... ... | ૧૯૫ |
| ૬ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. | વિઠ્ઠલદાસ મૂ૦ શાહ. ... ... ... | ૨૦૦ |
| ૭ સ્વીકાર સમાલોચના. ... | ... ... ... ... ... ... | ૨૦૪ |
| ૮ આ સભાની વર્તમાન સ્થિતિ | ... ... ... ... ... ... | ૨૦૫ |


## ભેટના અપાતા પુસ્તકો સંબંધી અમારો સત્કાર.

આ સભા તરફથી અપાતા વિવિધ સાહિત્યના અનેક ગ્રંથો, માટે પ્રથમ અને આ વખતે પણ અપાયેલ સુંદર ગ્રંથોથી અમારા કેટલાક માનવંતા લાઇફ મેમ્બરોએ પોતાનો પત્રદ્વારા આનંદ પ્રદર્શિત કર્યો છે. અને આ સભામાં લાઇફ મેમ્બર થવા માટે તેઓશ્રીને મળતું ધાર્મિક સુંદર વાંચન અને આર્થિક દૃષ્ટિએ મળતો અપરિમિત લાભ (જે કોઇ સંસ્થા તેવી ઉદારતાથી આપી શકતી નથી) તે માટે પોતાને ધન્ય માનવા•સાથે, સભા તરફથી દર વર્ષે પ્રકટ થતાં અનેકવિધ સાહિત્ય માટે (જૈન સમાજની આવા પ્રકારે સેવા કરવા માટે) સભાની પણ પ્રશંસા કરે છે. જે માટે અમો ઉપકાર માનતાં તે માટે સભા પણ પોતાનું ગૌરવ માને છે અને અનેક રીતે વિશેષ સેવા કરવા ભાગ્યશાળી બને તેમ પરમાત્માની પ્રાર્થના કરે છે.

# ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

## द्वितीय अंशः बीजो भाग.

સંપાદકો તથા સંશોધકો—મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ બીજા અંશમાં આઠમાથી અઠ્ઠાવીશમા સુધી ૨૧ લંભકો આવેલા છે. જે ૧૦૪૮૦ શ્લોકોમાં પૂર્ણ થાય છે.

આ પ્રથમ ખંડનો, તથા કર્ત્તા મહાત્માનો પરિચય અને આ ગ્રંથ કેટલો ઉચ્ચ કોટીનો છે, પરિશિષ્ટોને લગતો વિશેષ પરિચય, પ્રસ્તાવના, વિષયાનુક્રમ, કોષ આદિ સાથે હવે પછી પ્રકટ થતા ત્રીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા-સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. કિંમત રૂા. ૩-૮-૦ સાડા ત્રણ રૂપિયા (પોસ્ટેજ જુદું) રાખવામાં આવેલ છે. ઇતિહાસિક પ્રાચીનમાં પ્રાચીન કથાસાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા હોવાથી આર્થિક સહાયની જરૂર છે.

ભાવનગર ધી "આનંદ" પ્રિન્ટિંગ પ્રેસમાં—શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

औचित्यादुचितप्रवृत्तिरूपत्वात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनप्रणीतात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम् । मैत्र्यादिसारं मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु । अध्यात्मं योगविशेषं । अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादि क्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञानं च वस्त्ववबोधरूपम् । शाश्वतमप्रतिघाति शुद्धं स्वतेजोवत् । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यक्षं तद्वृत्तम् । अमृतं पीयूषम् । स्फुटं भवति ।

**योगबिन्दु—श्री हरिभद्रसूरि.**

पुस्तक २९ } वीर सं. २४५८. फाल्गुन. आत्म सं. ३६. { अंक ८ मो.

## અભિલાષ.

( કવ્વાલી. )

વિસામાને વિસારીને પ્રવાસે પંથ કૈં કાપ્યો,
અરે ! આરામ લેવાને, ઘડીભર બેસશું ક્યારે ?
હજારો હસ્તનાં ટેકા ગ્રહી નિત્યે ગતિ કીધી,
સુભાગી સ્વાત્માને શોધી અહો ! આલંબશું ક્યારે ?
સદાયે દીનદ્રષ્ટિથી વદન તો સેંકડો જોયાં,
નિવારી એ કૃતિ નિત્યે હૃદયમાં રોકશું ક્યારે ?
સગા સ્નેહી રિપુ રૂપે જગતને સર્વદા જોયું,
અભેદે એક દ્રષ્ટિથી હવે આલોકશું ક્યારે ?
કરોડો કાળજા માંહે વિષમ [1]આઘાત કૈં કીધા,
અમૂલી ઔષધી એમાં સ્વહસ્તે સીંચશું ક્યારે ?

૧ માર–ઘા–વચન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસંગે કૈક પ્રાણીને [૨]ગરલના ઘુંટડા પાયા,
પ્રણય પિયૂષના પ્યાલા ભરીને આપશું કયારે?
તપાવ્યું તીવ્ર તાપોમાં હતું જે હાથમાં હૈયું,
[૩]સાલલ [૪]શીળુ સમર્પીને [૫]અનલ ઓલાવશું કયારે?
ભર્યા દુર્ગંધથી ભુંડા ત્યજીને ગર્ત આ ઉંડા,
અનેરા કોઇ આકાશે મજા કૈં માણશું કયારે?
હજારો લાભ હાનિથી હૃદય રાચ્યું અને રોયું,
હવે એ દ્વંદ્વથી જુદી સ્થિતિને સેવશું કયારે?
નવેલા કૈંક રંગોથી હૃદયને સર્વદા રંગ્યું,
સુભાગી શુભ્રતા સારી પુનઃ પ્રકટાવશું કયારે?
અવરની આંખથી નિત્યે હૃદય પોતાતણું જોયું,
સ્વદ્રષ્ટિ સદ્ય પામીને હવે એ દેખશું કયારે?
જન્મ મૃત્યુનાં ભુંડા ઘણા આઘાત તો ઝીલ્યા,
હવે એ ચક્રથી છુટી [૬]પરત્વે પહોંચશું કયારે?

સંગ્રાહક—**મોતીલાલ નરોતમ.**

# કેટલાક ધાતુપ્રતિમા લેખો.

[ નીચેના ધાતુપ્રતિમા લેખો હજી સુધી કયાંય પ્રગટ થયા નથી એટલે અહીં છપાવવાનું યોગ્ય ધારીએ છીએ. ]

પહેલેથી અઠ્ઠાવિસ સુધીના લેખો પાટણમાં કસુંબીયાવાડાના જૈન દહેરાસરની ધાતુપ્રતિમાઓ ઉપર છે. અઠ્ઠાવીસથી તેત્રીસ સુધીના લેખો પાટણથી આઠ ગાઉ દૂર આવેલા સંડેર ગામના જૈન દહેરાની ધાતુપ્રતિમાઓ ઉપર છે.

આ લેખો ઉતારવામાં ભાઇશ્રી **મણિલાલ મૂળચંદ સુતારે** મને અમૂલ્ય મદદ કરી હતી.

કસુંબીયાવાડના દહેરાસરમાં એક લોઢાની પ્રતિમા છે. તેના ઉપર સંવત્ ૧૨૯૬ ની સાલ છે. ]

(૧) સંવત્ ૧૬૧૭ જેષ્ટ સુદિ ૫ સોમે **પ્રાગ્વાટજ્ઞાતીય** સા૦ **મેઘા** ભાર્યા **પ્રાણુ** પુત્ર **ભગા**ખ્યેન ભાર્યા **પૂરાઇ** પુત્ર **ભાભૂ** ભ્રાતૃ**હેમા** સંયુતેન

૨ ઝેર. ૩ પાણી. ૪ શીતળ. ૫ અગ્નિ. ૬ પરમાત્મા પદે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી **મુનિસુવ્રતસ્વામિ**બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં । **તપાગચ્છે** ભટ્ટારિક શ્રી **વિજયદાનસૂરિભિઃ ॥**

(૨) સંવત્ ૧૫૭૯ વર્ષે વૈશાખ વ૦ ૫ સોમે **શ્રીમાલી**જ્ઞાતીય વ્ય૦ **લાભૂ** ભા૦ **સોમી** સુ૦ **આણંદ, મના, હાંસા, માંડણ, હીરા, ભાણ**યુતૈઃ પિતૃમાતૃ શ્રેયોર્થં શ્રી **સુમતિનાથ**બિમ્બં કા૦ પ્ર૦ શ્રી..............

(૩) સં૦ ૧૫૧૬ વૈ૦ સુ૦ ૩ **દીસાવાલ**જ્ઞાતીય ધામી **ગાંગય** ભાર્યા **ગોરી** સુત **ધામી કાલા**ભોજાભ્યાં **સખી–આસી** સુત ધર્મા**સોમા**દિ કુટુંબ-યુતાભ્યાં ભગિન્યા શ્રે૦ **ગોપાલ**ભાર્યા **ભાઉ**સુત શ્રે૦ **જગસી**પત્ન્યા **સુહાસિણિ**-નામ્ન્યા આત્મશ્રેયસે શ્રી **શાંતિનાથ**બિમ્બં કા. પ્ર. **તપા** શ્રી **રત્નશેખર**સૂરિભિઃ ॥ **વડલી**ગ્રામે ॥

(૪) સં. ૧૬૨૪ વર્ષે મહા સુદિ ૬ **પાટણ**નગરવાસ્તવ્ય **દીસાવાલ** જ્ઞાતીય સા૦ **હાલા** પુત્ર સા૦ **ચાગા**ભાર્યા **સાંકૂ**પુત્ર સા૦ **હાંસા** ભાર્યા **કરમાહી** પુત્ર કૂ**અરજી**ખ્યેન શ્રેયોર્થં શ્રી **શાન્તિનાથ** બિમ્બં કારાપિતં પ્રતિષ્ઠિતં **તપા**-ગચ્છે નભોમણિ શ્રી **હીરવિજયસૂરિ**ભિઃ ॥ શુભં ભવતુ ॥

(૫) સંવત્ ૧૪૯૪ વર્ષે વૈશાષ શૂદિ ૨ શનૌ **ઉસવાલ**જ્ઞાતીય પિતૃ **સાજણ** માતૃ **સિરિયાદે** ભાતૃ **નહાલા, સમધર, ભૂરા** શ્રેયસે સુત **નુલાદેવ** શ્રી **સંભવનાથ** મુખ્ય પંચતિાથ કારિતા। **ભીમપલ્લીય પૂર્ણિમા** પક્ષે ભ૦ શ્રી **જયચંદ્રસૂરીણાં** ઉપદેશેન પ્રતિષ્ઠિતં ॥ શ્રી૦ ॥

(૬) સ્વસ્તિ શ્રી સંવત ૧૪૮૫ વર્ષે માઘ સુદિ ૫ સોમે વ્ય૦ **સાયર** ભાર્યા **ધ્યરૂ**સુત **આલ્હા**ભાર્યા **ડાહી**સુત **રાઘવ** માતૃપિતૃ શ્રેયસેશ્રી **પાર્શ્વનાથ**-બિમ્બં કારિ૦ પ્રતિષ્ઠિત શ્રી **બૃહદ્ગચ્છે** શ્રી **સોમસિંદરસૂરિણા** કા૦..........॥

(૭) સં. ૧૫૧૧ વર્ષે પોષ વદિ ૫ સોમે શ્રી **શ્રીમાલ**જ્ઞાતીય શ્વે૦-**ધુડા** ભાર્યા **લાડી**પુત્ર વ્ય૦ **વેલા, વસ્તા, સાલિગ** ભ્રાતૃત્રયેન ભ્રાતૃ **ગેલા** તથા પિતૃનિમિત્તં આત્મ શ્રેયોર્થં શ્રી શ્રી**સુમતિનાથ** પંચતીથીબિમ્બં કારિત ।....... શ્રી શ્રી**ધર્મશેખરસૂર** પટ્ટે શ્રી **ધર્મસાગરસૂરિ**ભિ **વરમુર** ગ્રામે ॥

(૮) સંવત્ ૧૫૨૦ વર્ષે પોષ વદિ ૯ શનૌ શ્રી **શ્રીમાલ** જ્ઞાતીય દોસી **નરપાલ**ભાર્યા **નીણાદે**સુત **વરસિંગ**કેન ભા૦ **વહ્લાદે**સુત **રેલાયુતેના** સ્વમાતૃ-પિતૃસુતં મણોર શ્રેયોર્થં શ્રી **શ્રેયાંસનાથ** બિમ્બં કા૦ શ્રી **આગમ**ગચ્છે શ્રી **આણંદપ્રભસૂરી**ણામુપદેશેન પ્ર૦ શ્રી **મુનિરત્નસૂરિ**ભિઃ । **સલષણપુર**-વાસ્તવ્ય ॥

(૯) સંવત ૧૪૯૯ વર્ષે સુ૦ ૧૨ સોમે ઉપ૦ સા૦ **નાથા** ભા૦ **નયણસિરિ** પુ૦ **કાલુ** સા૦ **કરૂણાભ્યાં અંબિકા**.......તૂ૦ પ્ર૦ શ્રી **વિજયચંદ્રસૂરિભિઃ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૦) સં૦ ૧૫૮૮ વર્ષે વૈશાખ સુદિ ૭ બુધે શ્રી **સંડેર** ગચ્છે ઉપગૂગ**લીયા** ગોત્રે સા૦ **લાંબા** ભા૦ **ચાંદૂ** પુ૦ **ધરણા**–ઠાકુર, ધરણા ભા૦ **કર્મી** પુ૦ લોલાકેન ભા૦ **લલિતાદે** પુ૦ યુતેન પિતૃભ્રાતૃમિત્રં સ્વશ્રેયર્થં ચ શ્રી **શાન્તિનાથ** બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી **શાન્તિસૂરિભિઃ** ॥

(૧૧) સંવત્ ૧૫૫૫ વર્ષે ફા૦ સુ. ૨ સોમે **પ્રાગ્વાટ**જ્ઞાતીય શ્રે૦ **જગા** ભા૦ **રામની**પુત્ર **વર્ધનેન** ભા૦ **ગિરસૂ** પુત્ર **હરપતિ–નરપતિ** ભ્રાતૃ **સૂરા** ભા૦ **સુહવદે** પુત્ર **હર્ષા, હાદા** પ્રમુખ કુટુંબયુતેન નીજ શ્રેયસે શ્રી **આદિનાથ** બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી **તપાગચ્છે** શ્રી **લક્ષ્મીસાગરસૂરિ** પટ્ટે શ્રી **સુમતિસાધુસૂરિ** તત્પટ્ટે શ્રી **હેમવિમલસૂરિભિઃ** ॥

(૧૨) સંવત્ ૧૫૦૬ વર્ષે પોષ વદિ ૧૧ શ્રી **શ્રાંમાલ**જ્ઞાતીય શ્રે૦ **ભીમ** ભાર્યા **ષેતલદે**સૂત **ધર્મસી**કેન પિતૃમાતૃ શ્રેયાર્થં શ્રી **વિમલનાથ**બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી **બ્રહ્માણગચ્છે** શ્રી **મુનિચન્દ્રસૂરિભિઃ** ॥

(૧૩) સંવત્ ૧૩૭૫....**હીરાદે**........શ્રી **પાર્શ્વનાથ** બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં........સૂરિભિઃ ॥

(૧૪) સંવત્ **૧૫૮૭** વર્ષે વૈશાખ વદિ ૭ સોમે શ્રી **શ્રીમાલ**જ્ઞાતીય **સા૦ રૂપા** ભા૦ **ઈંદુ** સુ૦ **વસ્તા** ભા૦ **હરખી** નામ્ન્યા સ્વપિત્તેન સ્વશ્રેયસે **શ્રેયાંસનાથ**બિમ્બં કારિતં પ્ર૦ ધર્મગુરૂ **વૃદ્ધતપા**પક્ષે (?) ભ૦ **જિનમાણિકયસૂરિણાં** પટ્ટે ભ૦ **જયમણિ** ॥

(૧૫) ॥ **૬૦** ॥ સં૦ ૧૫૦૭ વર્ષે અષાઢ વદિ ૫ દિને **ઉકેશ**વંશીય સ૦ **ભોજા**ભાર્યા **ભાવલદે**પુત્ર સા૦ **પાંચા** ભા૦ **કરમાઈ**પુત્ર સા૦ **જગા, હરરાજ** સા૦ **મેઘરાજ** પ્ર૦ પરિવારસપરિકરેણ સા૦ **પાના** સુશ્રાવકેન નિજશ્રેયસે શ્રી **શીતલનાથ**બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી **ખરતર** ગચ્છે શ્રી **જિનસાગરસૂરિભિઃ**। કુલગુરૂ શ્રી **વીરસૂરીણા**માદેશેન ॥ શુભં ભૂયાત ॥

(૧૬) સં૦ ૧૬૬૪ વર્ષે પોષ વદિ સપ્તમી બુધે શ્રી **પત્તન**નગરવાસ્તવ્ય **બાઈ અણુઆર** નામ્ન્યા શ્રી **વાસુપુજ્ય**બિમ્બં કા૦ પ્ર૦ ચ **તપાગચ્છે** ભ૦ **વિજયસેનસૂરિ**શિષ્ય ભટ્ટારક શ્રી **વિજયદેવસૂ**રિભિરિતિ ભદ્રમ્ ॥

(૧૭) સં. ૧૪૮૫ વર્ષે વૈશાખ સુદિ ૮ સોમે **પ્રાગ્વાટ** સા૦ શ્રે૦ **મોષા** ભાર્યા **મોષલાદે**સુત **મુલા**કેન ભા૦ **મેઘાદે** સહિતેન સુત **માહરાજ**ભાર્યા **ચાંદૂ** શ્રેયોર્થં શ્રી **સુમતિનાથ**બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં **પૂર્ણિમાપક્ષે** ભટ્ટારક શ્રી **ગુણદેવસૂરિણા**મુપદેશેન.

(૧૮) સં૦ ૧૫૧૨ પ્રા૦ સં૦ **નાથાભાર્યા કુદી** પુ૦ **કપુરી, સમધર,**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સીધર, આસધરાદિ** કુટુંબયુતેન **દેવદત્ત**શ્રેયસે શ્રી **સુવિધિ**બિમ્બં કા૦ પ્ર૦ **તપા** શ્રી **સોમસુન્દરસૂરિ** શ્રી **રત્નશેખરસૂરિ** શ્રી **ઉદયનંદીસૂરિભિઃ ॥** શ્રી **પત્તનનગર ।**

(૧૯) સં૦ ૧૪૮૮ વર્ષે વૈશાખ સુ૦ ૧૦ ગુરૌ **પ્રાગ્વાટ**જ્ઞાતીય મં૦ જેસા ભા૦ બાઈ **રૂપી** તમો સુત મં૦ **હેસલેન** નિજ શ્રેયોર્થં શ્રી **શાન્તિનાથ** બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી **તપા**પક્ષે ભટ્ટારક શ્રી **રત્નસિંહસૂરિભિઃ** । શુભં ભવતુ । છ । શ્રી । છ ।

(૨૦) સંવત્ ૧૫૨૬ વર્ષે પૌષ વદ ૧ સોમે **ઉપકેશ**જ્ઞાતો સા૦ ગોધા પુ૦ **નાથા** ભા૦ **નયણશ્રી** પુ૦ **કરણાકેન** ભા૦ **કમલાદે** પુ૦ **રત્ના, તેજા, વસ્તા** સા૦ **ધરમા, હિરા** આદિ સુતેન પિતૃશ્રેયસે શ્રી **નેમનાથ**બિમ્બં કારિતં પ્ર૦ શ્રી **ધર્મઘોષગચ્છે** શ્રી **વિજયચંદ્રસૂર** પટ્ટે શ્રી **સાધુરત્નસૂરિભિઃ ॥**

(૨૧) સં૦ ૧૫૭૧ વર્ષે ચૈત્ર વ૦ ૭ ગુરૌ શ્રી **પત્તન**વાસ્તવ્ય **પ્રાગ્વાટ** જ્ઞાતીય વૃદ્ધસંતાનીય વ્ય૦ **ખેતા**ભાર્યા **મલ્હાઈ**સુત **શ્રીચંદ, શ્રીરાજા** ભા૦ **કમલાદિ ગંગાઇ** સુતાભ્યાં શ્રી **શાન્તિનાથ**બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી **તપાગચ્છ**નાયક શ્રી મન્નિગમપ્રભાવક શ્રી **આણંદસાગરસૂરિ** શિષ્ય શ્રી **હર્ષ-વિનયસૂરિભિઃ ॥**

(૨૨) સંવત્ ૧૫૧૮ વર્ષે વૈશાખ સુદિ ૫ રવૌ શ્રી **શ્રીમાલ**જ્ઞાતીય સંઘવી **સુધા**ભાર્યા **માલ્હણદે** સુ૦ **દાઇયાકેન** પિતૃમાતૃશ્રેયોર્થં મુનિ **સુવ્રત-સ્વામિ**બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં **સુધકર**ગચ્છે ભ૦ શ્રી **ધનપ્રભસૂરિભિઃ । પાટરી** વાસ્તવ્ય ॥

(૨૩) સંવત્ ૧૫૧૦ વર્ષે માઘ સુદિ ૫ શુક્રે **પ્રાગ્વાટ**જ્ઞાતીય **રાજડ** ભાર્યા **ગોમતી**સુત **ખીમસીસાહ**કેન ભાર્યા **ધનાઈ, વારૂ,** સુત **સમધર, દેવદત્ત, ચણદત્ત, ઇસરાદિ** કુટંબયુતેન શ્રી મુનિ **સુવ્રતસ્વામિ**બિમ્બં કારિતં પ્ર૦ **તપાગચ્છે** શ્રી **રત્નશેખરસૂરિભિઃ ॥** શ્રી **પત્તન**વાસી ॥

(૨૪) સંવત્ ૧૨૯૬ વૈશાખ સુદિ........જ પ્રણમતિ........પ્રણમતિ

(૨૫) સંવત્ ૧૫૦૦ વર્ષે વૈશાખ સુદિ ૫ ગુરૌ વડલીવા૦ શ્રી **શ્રીમાલી**-જ્ઞાતીય શ્રે૦ **કુધણ** ભા૦ **ધરમણિ**સુત **થિરસી, ભાંપર** સુ૦ **પ્રથમા, ચઉથા** સુતાભ્યામ્ સ્વપિત્રોઃ શ્રેયસે શ્રી **વિમલનાથ**બિમ્બં કા૦ શ્રી **આગમ**-ગચ્છે શ્રી **હિમરત્નસૂરિ** ગુરુ પદેશન પ્રતિષ્ઠિતમ્ ॥

(૨૬) સંવત્ ૧૭૬૮ વર્ષે વૈ૦ સુદ ૫ શુક્રે સં૦ **મીઠા** તદ્ ....**માણિ-કયદા**........શ્રી **વિમલ**....શ્રી **વિજયરત્નસૂરિભિઃ તપાગચ્છે** ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૭) સંવત્ ૧૭૭૪ વર્ષે વૈ૦ ૧૩ શુક્રે શ્રી **વિમલનાથ**બિમ્બં........ **વિજય**.... ..

(૨૮) સંવત ૧૬૦૨ વર્ષે શાકે ૧૪૬૭ પ્રવર્તમાને શ્રી **પત્તને** શ્રી **પંચાસરપાટકે** શ્રી **વેગડ ખરતર ગચ્છે** મહોપાધ્યાય શ્રી **સુમતિશેખરો**-પાધ્યાયાનામુપદેશેન ઉ**શ** વંશે **ડીડુ**ગોત્રે શ્રેષ્ઠિ **પાલાંઉત્ર** શાખાયાં શાહ **મૂલરાજ** પુત્ર દોશી **સુરપ** તત્પુત્ર દોશી **નયરાજ**ભાર્યા બાઇ **રહી** તત્પુત્રેણ પુણ્યપવિત્રેન દોસી શ્રી **જગમાલેન** ભાર્જા બાઇ **મેલાઇ** તતપુત્ર દોસી શાહ **રાડા** સમસ્ત કુટંબસહિતેન સ્વપુણ્યાર્થં **સર્વતીર્થપુટઃ** કારિતં **અશ્વિનિ શુદિ ૧૩ શુક્રે** ॥

(૨૯) સંવત્ ૧૫૬૪ વર્ષે જ્યેષ્ટ શુદિ ૧૨ શુક્રે **પ્રાગ્વાટ** જ્ઞાતીય વાજિવવાસ્તવ્ય વ્ય૦ **ગદા** ભા૦ **હલી**સુત હુડ (?) આ ભાર્યા **કમલી**સુત **દેવદાસ** કેત ભાર્યા **સોનાદે** ભ્રાતૃ ગોરા પ્ર૦ કુટંબયુતેન સ્વશ્રેયસે શ્રી **સંભવનાથ**-બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી **લબ્ધિસાગરસૂરિભિઃ** ॥

(૩૦) સં. ૧૪૮૦ જ્યે૦ શુદ્ધ ૧ **પ્રાગ્વાટ** સા૦ **ભોજા** ભા૦ **પાલ્હૂ**પુત્ર સા૦ **જયતાકેન** ભા૦ જયતલદેવ્યાદિ કુ૦ યુતેન શ્રી મુનિ**સુવ્રતસ્વામિ** બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં **તપા**ગચ્છે શ્રી **સોમસુન્દરસૂરિભિઃ** ॥

(૩૧) સં૦ ૧૫૨૭ વર્ષે **મહિગાલ**વાસી **પ્રાગ્વાટ** ગાં૦ **પરવત** ભા૦ **રૂડી**સુત **નરપાલેન** ભા૦ **નાગલદે** વૃદ્ધ ભ્રાતૃ **ઝાંગા ધર્મિણિ**સુત સહસાદિયુતેન શ્રી **શ્રેયાંસ**બિમ્બં કા૦ પ્ર૦ **તપા** શ્રી **રત્નશેખરસૂરિ**પટ્ટે શ્રી **લક્ષ્મીસાગરસૂરિભિઃ** ॥

(૩૨) સંવત **૧૫૨૧** વર્ષે પોષ શુદિ ૧૧ શનૌ **ઉપકેશ**જ્ઞાતીય મં૦ **ભોજા** ભાર્યા **ટીબુ** પુત્ર **નાગા, ધર્મસી, ખીમા,** ભા૦ **ઝાલી** પુત્ર **રતના** સહિતેન **ખીમાકેન** પિતૃભ્રાતૃશ્રેયોર્થં શ્રી **નેમિનાથ**બિમ્બં કારિતં શ્રી **બિવં**-દણીક ગચ્છે વૃદ્ધશાખાયાં પ્રતિષ્ઠિતં **સિદ્ધસરિભિઃ ।** **ઉનાઉઆ [ ઉનાવા ? ]** વાસ્તવ્ય ॥

(૩૩) સં. ૧૫૩૩ પોષ શુદ ૨ **પ્રાગ્વાટ** શ્રે૦ **આલ્હા** ભા૦ **ચાઇ**પુત્ર શ્રે૦ **ઘુરકણુ** ભા૦ **જીવિણિ** પ્રમુખ કુટુંબયુતેન શ્રી મુનિ**સુવ્રતબિમ્બં** કા૦ પ્રતિ૦ શ્રી **સોમસુન્દર**સૂરિસંતાને શ્રી **લક્ષ્મીસાગર**સૂરિભિઃ ॥

ચાચરીઆમાં પકાનો માઢ
**પાટણ**
તા. ૨૭-૨-'૩૨

**ભોગીલાલ જયચંદ સાંડેસરા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ,

# શ્રીતીર્થંકરચરિત્ર.

## શ્રી ભગવતી સૂત્ર.

( ગતાંક પૃષ્ટ ૧૬૨ થી શરૂ )

૧૧-૧૨-૪૩૪, ૪૩૫, આલંભિકા નગરીના **ઋષિભદ્ર** પ્રમુખ શ્રાવકોનો વાર્તાલાપ, પ્રશ્નોત્તર, શ્રાવકવ્રત પાલન, દેવલોકગમન, અને ભવિષ્યનો અધિકાર.

૧૧-૧૨-૪૩૬ પુદગલ **પરિવ્રાજકના** પ્રશ્નોત્તરો, પ્રભુ મહાવીર પાસે **દીક્ષા** ગ્રહણ, તથા મોક્ષગમન વિગેરે.

૧૨-૧-૪૩૭ થી ૪૪૦.

શ્રાવસ્તિનગરીમાં **શંખ** શ્રાવક, ઉત્પલા શ્રાવિકા, પુષ્કલી શ્રાવક, ભગવાન્ મહાવીર પાસે ધર્મ શ્રવણ, અશનાદિથી પૌષધનો વિચાર, શંખ શ્રાવકનો નિરશન પૌષધનો વિચાર, **પૌષધ**ગ્રહણ, શંખ અને પુષ્કલીનો પોષધ સબંધી વાર્તાલાપ, પુષ્કલીને અશનાદિ-પૌષધ કરવાનું કથન, બીજે દિવસે સવારે પૌષધવ્રતીશંખશ્રમણોપાસકનું ભગવાનની પાસે ગમનવંદન, પુષ્કલી વિગેરેનું ગમન, ધર્મ શ્રવણ, પુષ્કલીએ શંખ પ્રત્યે કરેલ કટાક્ષ, ભગવાને વર્ણવેલ શંખની ધર્મ દઢતા તથા ધર્મજાગરિકા. ત્રણ પ્રકારની **ધર્મ જાગરિકાનું** લક્ષણ. શ્રમણોપાસક શંખના ક્રોધી, માની, માયીલોભી પ્રાણી માટે પુછાએલા પ્રશ્નો. ભગવાને આપેલા ઉત્તરો, સાતકર્મ પ્રકૃતિ બંધનનું વિધાન. પુષ્કલીએ શંખ પ્રત્યે કરેલ ખમતખામણા શ્રાવકવ્રતપાલન. ભવિષ્ય.

૧૨-૨-૪૪૧ થી ૪૪૩. **જયન્તી શ્રાવિકા.**

તે કાળે તે સમયે **કૌશાંબી** નામે નગરી હતી. વર્ણન....ચંદ્રાવતરણ ચૈત્ય હતું, વર્ણન તે કૌશાંબી નગરીમાં **સહસ્રા**નિક રાજાનો પૌત્ર. **શતા**નિક રાજાનો પુત્ર **ચેટક** રાજાની પુત્રીનો પુત્ર, **મૃગાવતી** દેવીનો પુત્ર અને **જયન્તી** શ્રમણોપાસિકાનો **ભત્રિજો**, **ઉદાયન** નામે રાજા હતો. વર્ણન.

તે કૌશાંબી નગરીમાં સહસ્રાનીક રાજાની સ્નૂષા ( પુત્રવધુ ) શતાનીક રાજાની પત્ની, ચેટક રાજાની પુત્રી, ઉદાયન રાજાની માતા અને જયંતી શ્રમણોપાસિકાની ભોજાઇ **મૃગાવતી** નામે દેવી હતી. વર્ણન સુકુમાળ યાવત્.... રૂપવતી **શ્રમણોપાસિકા** યાવત્....હતી.

તે કૌશાંબી નગરીમાં સહસ્રાનીક રાજાની પુત્રી, શતાનીક રાજાની બહેન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદાયન રાજાની ફઇ, મૃગાવતી દેવીની નણંદ ( **वेसालीय सावयाणं अरहं ताणं पुव्व सिज्जायरी**) શ્રમણુ ભગવાન મહાવીરના સાધુઓની મુખ્ય શય્યાતર (પ્રથમ વસતી આપનાર] **જયંતી** નામે શ્રમણોપાસિકા હતી. સુકુમાળ, યાવત્....સુરૂપા, જાણ્યા છે જીવાજીવ જેણે, યાવત્....હતી.

તે કાળે તે સમયે **સ્વામી** સમોસર્યા. યાવત્ પર્ષદ્ પર્યુપાસના કરે છે, ત્યારે તે ઉદાયન રાજા આ વાત સાંભળીને હૃષ્ટતુષ્ટ થઇ કૌટુંબીક પુરૂષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું કે—" હે દેવાનુપ્રિયો ? તમો એકદમ કૌશાંબી નગરીને અંદર બહાર એ રીતે કોણિક રાજાની પેઠે બધું સમજવું " યાવત્....પર્યુપાસના કરે છે. ત્યારે તે **જયંતી** શ્રાવિકા આ વાત સાંભળી ખુશી ખુશી થતી જ્યાં **મૃગાવતી** દેવી છે ત્યાં આવે છે, ત્યાં આવીને મૃગાવતી દેવીને આ પ્રમાણે કહ્યું—" જેમ નવમા શતકમાં ઋષભદત્તે કહ્યું છે તેમ જાણવું. યાવત્....કલ્યાણકારી થશે. " ત્યારે તે મૃગાવતી દેવી જયંતી શ્રાવિકા પાસેથી દેવાનંદાની પેઠે યાવત્....સાંભળે છે. ત્યારે તે મૃગાવતી દેવી કૌટુંબિક પુરૂષોને બોલાવે છે બોલાવીને કહે છે કે—" શિઘ્ર હે દેવાનુપ્રિયો ? વેગવાળા જોડેલા યાવત્ શ્રેષ્ઠ ધાર્મિક રથને ... જોતરી તૈયાર હાજર કરો. " યાવત્ હાજર કરે છે. યાવત્ જણાવે છે ત્યારે તે મૃગાવતી દેવી જયન્તી શ્રમણોપાસિકાની સાથે સ્નાન કરી, બલિકર્મ કરી, યાવત્....શણગારથી સજ્જ બની, ઘણી કુબ્જા ( દાસી ) ઓ સાથે યાવત્....અંતઃપુરથી બહાર નીકળે છે. અંતેઉરથી નીકળીને જ્યાં બહારની ઉપસ્થાન શાળા છે, જ્યાં શ્રેષ્ઠધાર્મિક રથ છે, ત્યાં આવે છે. આવીને યાવત્....વાહનમાં ચઢે છે. ત્યારે તે જયંતી શ્રાવિકાની સાથે શ્રેષ્ઠ ધર્મ રથમાં બેઠેલી મૃગાવતી દેવી પોતાના પરિવાર સાથે ઋષભદત્તની પેઠે શ્રેષ્ઠધર્મ રથથી ઉતરે છે. ત્યારે તે મૃગાવતી દેવી જયંતી શ્રાવિકાની સાથે ઘણી કુબ્જા (દાસીઓ) વિગેરે સહિત દેવાનંદાની પેઠે યાવત્...વાંદે છે-નમે છે. ઉદાયન રાજાને આગળ કરીને રહેલીજ યાવત્....પર્યુપસના કરે છે.

ત્યારે શ્રમણુ ભગવાન્ મહાવીરે ઉદાયન રાજાને, મૃગાવતી દેવીને, જયંતી શ્રમણોપાસિકાને અને તે મોટી સભાને ધર્મ ઉપદેશ્યો. યાવત્....પર્ષદ્ પાછી ગઇ, ઉદાયન રાજા પાછો ગયો, અને મૃગાવતી દેવી પણ પાછી ગઇ.

ત્યારે તે જયંતી શ્રાવિકા શ્રમણ ભગવાન્ મહાવીર પાસે ધર્મ સાંભળીને હર્ષિત ખુશી થઇને શ્રમણ ભગવાન્ મહાવીરને વાંદે છે, નમસ્કાર કરે છે.

વાંદી-નમી આ પ્રમાણે બોલે છે.

**પ્ર૦—હે ભગવાન્ ! જીવો ભારે શાથી થાય છે ?**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦—હે જયન્તી! પ્રાણાતિપાતથી. યાવત્....મિથ્યાદર્શન શલ્યથી. જીવો ખરેખર એ રીતે ભારે કર્મીપણું પ્રાપ્ત કરે છે. એ રીતે પ્રથમશતકની પેઠે યાવત્....મોક્ષે જાય છે.

પ્ર૦—હે ભગવાન્! જીવોનું ભવસીદ્ધિપણું સ્વભાવથી છે કે પરિણામથી છે?

ઉ૦—હે જયન્તી! સ્વભાવથી છે. પરિણામથી નથી. (ભવસિદ્ધિપણું એ સ્વાભાવિક ભાવવાળું છે. બાલવય, યુવાની, વૃદ્ધાવસ્થાની જેમ પરિણામ ભાવવાળું નથી)

પ્ર૦—હે ભગવાન્! દરેક ભવસિદ્ધિક જીવો સિદ્ધ થશે?

ઉ૦—હા જયન્તી! દરેક ભવસિદ્ધિક જીવો સિદ્ધ થશે.

પ્ર૦—હે ભગવાન્! યદિ દરેક ભવસિદ્ધિક જીવો સિદ્ધ થશે, **તો લોક પણ ભવસિદ્ધિક જીવોથી રહિત-ખાલી થઇ જશે?**

ઉ૦—તે અર્થ યથાર્થ નથી. (તે માન્યતા સાચી નથી.)

પ્ર૦—હે ભગવાન્! એમ શા માટે કહો છો કે-દરેક ભવસિદ્ધિક જીવો સિદ્ધ થશે પણ લોક ભવસિદ્ધિકોથી રહિત નહીં થાય?

ઉ૦—જયંતી! જેમ સર્વ આકાશશ્રેણી છે. જે અનાદિ અનંત મર્યાદિત અને (અન્ય શ્રેણીઓથી) પરિવૃત્ત છે. તે સમયે સમયે પરમાણુ પુદ્ગલ માત્ર ખંડ પ્રમાણુ ઓછી ઓછી કરતાં, અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી ખાલી કરીએ, પણ તે ખાલી થતી નથી. આ રીતે હે જયંતી! એ કારણે એમ કહેવાય છે કે દરેક ભવસિદ્ધિક જીવો સિદ્ધ થશે પણ લોક ભવસિદ્ધિકોથી રહિત થશે નહીં.

પ્ર૦—હે ભગવાન્! **સુતેલાપણું** સારૂં? કે **જાગેલાપણું** સારૂં?

ઉ૦—હે જયન્તી? કેટલાએક જીવોનું સુતેલાપણું સારૂં અને કેટલાએક જીવોજાગરણ સારૂં.

પ્ર૦—હે ભગવાન્? એમ શા સારૂં કહો છો કે—કેટલાએક જીવોનું યાવત્....સારૂં?

ઉ૦—હે જયન્તી! જે આ જીવો અધર્મી, અધર્મગામી, અધર્મપ્રિય, અધર્મકથક, અધર્મપ્રેક્ષક, અધર્મદર્શનહાર, અધર્મસમાચારક અને અધર્મ વૃતિ કરનારા છે, તે તે જીવોનું નિદ્રા-શયન સારૂં છે. એ જીવો સૂતેલા રહેવાથી બહુ પ્રાણો, જીવો ભૂતો અને સત્વોના દુઃખ માટે-શોક માટે યાવત્.... પરિતાપ માટે થતા નથી. એ જીવો સૂતેલા રહેવાથી ઘણી અધાર્મિક પ્રવૃત્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં પોતાને, બીજાને કે બન્નેને જોડવાને સમર્થ થતા નથી. માટે એ જીવોનું સુતેલાપણું સારૂં છે.

જયન્તી ! જે જીવો ધર્મી, ધર્મગામી યાવત્....ધર્મથી વૃત્તિ કરનારા છે તે તે જીવોનું જાગરણુ સારૂં છેઃ તે જીવો જાગતા થકા ઘણાં જીવો યાવત્... સત્વોના અ-દુઃખને માટે યાવત્....અપરિતાપને માટે થતા નથી. વળી તે જીવો જાગતા રહેવાથી પોતાને, બીજાઓને કે સૌ કોઇને ઘણી ધાર્મિક પ્રવૃત્તિમાં જોડનારા થાય છે, તે જીવો જાગતા રહેવાથી ધર્મજાગરિકા વડે આત્માને જાગૃત રાખનાર બને છે, માટે એ જીવોનું જાગરણુ સારૂં છે.

તો હે જયન્તી ! એટલા માટે એમ કહેવાય છે કે-કેટલાએક જીવોનું નિદ્રા-શયન સારૂં છે. કેટલાએક જીવોનું જાગરણુ સારૂં છે.

પ્ર૦—હે ભગવાન ! **સબળપણું** સારૂં ? કે **દુર્બળપણું** સારૂં ?

ઉ૦—હે જયન્તી ! કેટલાએક જીવોનું સબળપણું સારૂં. કેટલાએક જીવોનું દુર્બળપણું સારૂં.

પ્ર૦—હે ભગવાન્ ! એમ કેમ કહેવાય છે કે-યાવત....સારૂં છે ?

ઉ૦—હે જયન્તી ! જે આ જીવો અધર્મી યાવત્....છે, તે જીવોનું દુર્બળ પણું સારૂં છે. એ જીવો ઇત્યાદિ સૂતેલાની પેઠે દુર્બળની વકતવ્યતા જાણુવી. બળવાનને માટે જાગનારની પેઠે જાણુવું યાવત્....જોડનારા થાય છે માટે એ જીવોનું સબળપણું સારૂં છે.

તો હે જયંતી ! એટલા માટે એમ કહેવાય છે કે-તેજ યાવત....સારૂં છે.

પ્ર૦—ભગવાન્ ! **ઉદ્યમીપણું** સારૂં ? કે **પ્રમાદપણું** સારૂં ?

ઉ૦—હે જયન્તી ! કેટલાએક જીવોનું ઉદ્યમીપણું સારૂં. કેટલાએક જીવોનું નિરૂદ્યમીપણું સારૂં.

પ્ર૦—હે ભગવાન્ ! એમ કહેવાય છે કે-તે યાવત્...સારૂં ?

ઉ૦—હે જયન્તી ! જે આ જીવો અધર્મી યાવત્....છે. એ જીવોનું નિરૂદ્યમીપણું સારૂં. એ જીવો આળસુ બની ઘણા જીવોને સુતેલાની પેઠે જાણુવું. જેમ જાગનારા તેમ ઉદ્યમી જાણુવા, યાવત્ જોડનારા થાય છે. તે જીવો ઉદ્યમી થયા થકા ઘણા આચાર્યોની સેવામાં યાવત્....ઉપાધ્યાય-સ્થવીર-તપસ્વી-ગ્લાન-નવદિક્ષિત સાધુ-કુળ-ગણુ-સંઘ તથા **સાધર્મીક**ની સેવાભકિતમાં આત્માને જોડ-નારા થાય છે; માટે એ જીવોનું ઉદ્યમીપણું સારૂં છે.

એ કારણે તે જ યાવત્....સારૂં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ટ ૧૭૯ થી શરૂ. )

**બનારસ.**

બહુ જ પ્રાચીન નગરી છે. અહીં **સુપાર્શ્વનાથ** અને **પાર્શ્વનાથ પ્રભુ**નાં ચાર ચાર **કલ્યાણક** થયેલાં છે. અહીં શ્વેતાંબર નવ મંદિરો છે. તેમાં રામઘાટનું મંદિર મુખ્ય છે.–મોટું છે. તેની વ્યવસ્થા યતિવર્ય શ્રીમાન્ હીરાચંદજીસૂરિ અને નેમીચંદ્રજીસૂરિ રાખે છે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુનું, આદિનાંથ પ્રભુનું, શ્રી ઋષભદેવ પ્રભુનું, શ્રી કેશરીયાજી પ્રભુનું, શ્રીગોડીપાર્શ્વનાથ પ્રભુનું અને શાન્તિનાથ પ્રભુનું વગેરે મંદિરો મુખ્ય છે. અહિંયા મંદિરો પ્રાયઃ ત્રીજે માળે કે ચોથે હોય છે. ઘણી આડી અવળી નીસરણીઓ ઉલ્લંઘવી પડે છે. અંધારી ગલીઓ જેવું લગે છે. યાત્રાળુએ બહુજ સાવચાનીથી દર્શન કરવા જવું. કેટલાંક મંદિરો શિખરબંધ છે અને કેટલાં ઘરદેરાસર જેવાં છે. બાબુશાહી વ્યવસ્થા ચાલે છે. રામઘાટનું મંદિર ગંગા કાંઠે આવેલું છે. તે ઘાટથી બીજા પણ ઘણા ઘાટો નજરે પડે છે,

---

**પ્ર૦—હે ભગવાન્ ! શ્રવણેંદ્રિયને વશ થએલો આર્તધ્યાની જીવ શું બાંધે છે ?**

**ઉ૦—એ જેમ ક્રોધવશ આર્ત જીવ માટે કહ્યું તેમ જાણવું. યાવત.... સંસારમાં ભમે છે.**

એજ રીતે ચક્ષુઇંદ્રિયને વશ યાવત....સ્પર્શનેંદ્રિયવશ જીવો માટે પણ જાણવું. યાવત....સંસારમાં ભમે છે.

ત્યારે તે **જયન્તી** શ્રમણોપાસિકા શ્રમણ ભગવાન્ મહાવીરની પાસે આ ખુલાસો સાંભળી–ચીંતવી હર્ષિત બની, તુષ્ટ બની. બાકી દેવાનંદાની પેઠે, **પ્રવજ્યા** સ્વીકારી. યાવત્ **સર્વ દુઃખ મુકત બની.**

હે ભગવાન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવાન્ ! તે એ પ્રમાણે છે. ઇતિ. ૧૩–૬-૪૯૧; ૪૯૨.

સીંધૂર સૌવીર દેશ, વીતભયનગર, ૧૬ દેશ-૩૬૩૦૦ નગર–મહસેનાદિ ૧૦ રાજાના અધિપતિ શ્રમણોપાસક **ઉદાયી** રાજા, **પ્રભાવતી** રાણી, અભીચિ કુમાર, કેશી ભાણેજનું વર્ણન. ઉદાયી રાજાનું પૌષધ ગ્રહણ, જિનાગમનની ભાવના, શ્રમણ ભગવાન્ મહાવીરનું ચંપાથી વીતભયનગરમાં આગમન, વંદન ગમન, ધર્મ શ્રવણ, ઉદાયીની દીક્ષાવૃત્તિ કેશીને રાજ્યાર્પણ, ઉદાયીરાજે સમહોત્સવ દીક્ષાનો સ્વીકાર કર્યો, **મોક્ષગમન.** અભીચિનું અસૂર દેવલોક ગમન વિગેરે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભેલુપુર.**

બનારસનું પરૂં છે. અંગ્રેજી કોઠીથી ૦।।। માઇલ દુર છે. અહીં પાર્શ્વનાથ પ્રભુનુ જન્મ કલ્યાણકનું સ્થાન મનાય છે. અહીંયા પાર્શ્વનાથ પ્રભુનું સુંદર મંદિર છે. મોટી વિશાળ ધર્મશાળા છે. અમે ગયા ત્યારે જીર્ણોદ્ધારનું કામ ચાલતું હતું. યાત્રુઓ વધારે સંખ્યામાં આવે ત્યારેજ અહીંજ ઉતરે છે. અહીંથી ભદૈની ૦। માઇલ થાય છે. ગંગા કાંઠે વચ્છરાજ ઘાટ ઉપર સુંદર મંદિર છે. સુપાર્શ્વનાથ પ્રભુ મૂળ નાયક છે, નજીકમાં નાની ધર્મશાળા છે. ઘાટ ઉપરથી બનારસનું દૃશ્ય બહુજ મનોહર લાગે છે. સ્હવારમાં યાત્રિઓ અને સંન્યાસીઓનાં ટોળેટોળાં જતાં દેખાય છે. નીચે ઉતરવાનાં પગથીયા બાંધ્યા છે–ઠેઠ પાણીમાં પગથીઆં છે. અહીં જીર્ણોદ્ધારની જરૂર છે. ઘાટમાં ફાટ પડેલ હોઇ જલ્દી સમરાવવામાં નહિં આવે તો નુકશાન પહોંચશે.

બનારસમાં ઠઠેરી બજારમાં અંગ્રેજી કોઠીમાં સાધુઓ અને યાત્રાળુઓ ઉતરે છે. ઉપર ચોથે માળ પાર્શ્વનાથ પ્રભુનું નાનું મંદિર છે. સુંદર ગુરૂમંદિર છે. નીચેના હોલમાં તપગચ્છાધિપત્તિ શ્રી બુટ્ટેરાયજી મહારાજની ભવ્ય પ્રતિકૃતિ છે. બાજુના હોલમાં સંસ્થાના આશ્રયદાતા દાનવીર શ્રીમાન્ શેઠ વીરચંદ દીપચંદ અને ગોકુલદાસ મૂળચંદભાઇના સુંદર ત્રિરંગી ચિત્રો છે. અહીં સ્વર્ગસ્થ આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીએ શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા સ્થાપી હતી. આજે તે સસ્થા ન રહી છતાં જનરવ છે. બધાય તે સંસ્થાને યાદ કરે છે અને કહે છે અહીં જૈનોની પાઠશાળાની ઘણીજ જરૂર છે, કે જેમાં નિરંતર સ્યાદ્વાદની ગર્જના ચાલતી જ હોય ગામમાં ઉતરતા યાત્રીઓ પ્રાયઃ અંગ્રેજી કોઠામાં ઉત્તરે છે. અંગ્રેજી કોઠી એટલે સંસ્થાનું મકાન. આજે તો વિદ્યાર્થીને બદલે યાત્રુઓ લાભ લ્યે છે. આજ તો મકાનની એટલી બધી અવદશા થઇ કે યદિ વિજયધર્મસૂરિજી એક જ વાર આ મકાન દેખે તો તેમને અશ્રુ આવ્યા વગર ન રહે. અમે તો પૂજ્યપાદ ગુરૂદેવ પાસે સંસ્થાની ઉન્નતિ અને જાહોજલાલીનું યશોગાન સાંભળ્યું હતું. વર્તમાન દશા જોઇ અમને પણ પારાવાર ખેદ થયો. વિજયધર્મસૂરિજીનાં બીજાં કાર્યો પ્રત્યે ભલે મતભેદ રહેતો હોય પરંતુ પાઠશાળા પાછળનો તેઓશ્રીનો અવિરત શ્રમ અને જહેમત માટે દરેકને માનબુદ્ધિ ઉત્પન્ન કરાવે છે. પાઠશાળાની ભૂતકાલિન સ્થિતિ માટે અમે અહીં ઘણું સાભળ્યું. બન્ને બાજુ જાણવાની મળી. સંસ્થા કેમ તુટી તેના ઇતિહાસમાં ઉતરવાની અત્યારે જરૂર નથી તેમ આ સ્થાન પણ નથી છતાંય શ્વેતાંબર શ્રીસંઘને વિનમ્રભાવે એક પ્રાર્થના કરૂં છું કે વિધર્મીઓના આક્ષેપોનો જડબાતોડ દલીલપુરઃસર ઉત્તર આપી તેમની સામા ઉભા રહી સ્યાદ્વાદની ઉદ્‌ઘોષણા કરે તેવા જૈન વિદ્વાન્ પંડિતો ઉત્પન્ન કરવા હોય, અને જૈન શાસનનું ગૌરવ ટકાવી રાખવું હોય તો અહીં એક જૈન સંસ્કૃત પાઠશાળાની અનિવાર્ય આવશ્યકતા છે. બનારસ વિદ્યાપુરી છે. આખા ભારતનું સંસ્કૃત ભાષાનું કેન્દ્ર છે, બ્રાહ્મણ પંડિતોનું સિંહાસન સમું આ સ્થાન છે. અહીં સ્યાદ્વાદની ગર્જના નિરંતર ચાલવી જ જોઇએ. પ્રખરવાદિઓ અને ઉપદેશકો તૈયાર કરવા જૈન સંઘ શું આ તરફ લક્ષ્ય નહિં આપે ? પુરૂષાદાણીય શ્રી પાર્શ્વનાથ પ્રભુની જન્મ ભૂમી અને કેવલજ્ઞાન ભૂમીમાં તેઓનું સુંદર સ્મારક આપણે અનેકાન્તવાદનો ડીંડીં નાદ ગજવનાર વિદ્વાનો ઉત્પન્ન કરે તેવી સંસ્થા સ્થાપીને કેવું સરસ કરી શકીએ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રામઘાટના મંદિરના જીર્ણોદ્ધારનું કામ ચાલે છે. શ્રી સંઘની સહાયતાથી તેનું કામ ચાલે છે તેમજ ચંદ્રાવતી અને ભદૈયની ઘાટના વચ્છરાજ ઘાટ–રાજા વચ્છરાજજીએ બંધાવેલ હોવાથી તે વચ્છરાજ ઘાટ કહે છે. ઘાટ ઉપરથી ગંગાને સામે કાંઠે રહેલ સુંદર ઉપવન ભૂમી અને કાશી નરેશના રાજમહેલ અને તેમની રાજધાની રામનગરનું દૃશ્ય બહુજ સુંદર દેખાય છે. મંદિરોના જીર્ણોદ્ધારની બહુજ જરૂર છે. ગંગા કાંઠે રહી ગંગાને પવિત્ર કરી રહેલ આ મંદિરો અને ઘાટના ઉદ્ધારમાં બહુ વિલંબ થશે તો પરિણામ બહુજ અનિષ્ટ આવશે. લાખ્ખોના ખર્ચે બંધાયેલ આ ઘાટ તરફ–તેના જીર્ણોદ્ધાર તરફ દુર્લક્ષ્ય કરીશું તો આપણે પાછળથી શોચવું પડશે. આણંદજી કલ્યાણજીની પેઢી, કલકત્તાનો શ્રીસંઘ આ તરફ ખાસ લક્ષ્ય આપે એ જરૂરી છે. ભદૈયનિ ઘાટના મંદિર નજીક જ દિગંબરો તરફથી સ્યાદ્વાદ વિદ્યાલય ચાલે છે. પચાસેક વિદ્યાર્થીઓ છે. વ્યાકરણ, કાવ્ય અને ન્યાયતીર્થનો અભ્યાસક્રમ ચાલે છે. શું શ્વેતાંબર જૈન સંઘ નહિં જાગે ?

**અન્ય જોવા લાયક સ્થાનો.**

મૃતદેહને બાળવાનો હરિશ્ચંદ્ર ઘાટ, કુંડવાળો મણિકર્ણિકા ઘાટ, દશાશ્વમેધ ઘાટ.

બનારસના પાદરે વહેતી ભગવતી ભાગીરથી ઉપર અનેક હિન્દુ રાજા મહારાજાઓએ અને ધનાઢ્યોએ હજારો લાખ્ખો રૂપિયા ખર્ચી ઘાટ બંધાવ્યો છે. તેની બાજુ મોટા બંગલાં બંધાવ્યા છે. પૂર્ણિમાની રાત્રિમાં ગંગામાં પડતું બનારસનું દૃશ્ય બહુજ રમણીય લાગે છે. હજારો ભાવિક હિન્દુઓ તેમાં ન્હાઇ પોતાને મહદ્ પુણ્ય ઉપાર્જન કર્યાનું માની કૃતકૃત્ય થયાનું માને છે; અહીં પંડયાઓનો ત્રાસ ઘણો હોય છે. એક તો તેમાં ચારિત્રના નામે મોટું મીંડું હોય છે. મોટી મોટી વાતોમાં શૂરા અને ઘરાક–યજમાનનાં ગળાં કાપવામાં સદા તૈયાર જ હોય છે. વરૂ ઘેટા ઉપર જે ભાવનાથી ટુટી પડે તેવી ભાવના તેમનામાં જોવાય છે. અહિંના પંડિતોને તો કસાઇની ઉપમા આપવામાં આવે છે. આ હું મ્હારા શબ્દો નથી લખતો પણ જ્યારે કોઈ અહિંસાનો ઉપદેશક આવે છે; અહિંસાનો ઉપદેશ આપી યજ્ઞમાં નિર્દોષ પશુઓનો બલિ બંધ કરવાનો, માછલી ( જળફળ ) નહિં ખાવાનો ઉપદેશ આપે છે તે વખતે તેમનું ક્રોધથી ધૂંઆપૂંઆ થતું મુખાર્વિંદ ખાસ તે બતાવી આપે છે. અરે તે માટે શાસ્ત્રાર્થો કરી મારામારી ઉપર પણ આવી જાય છે. યજ્ઞને નામે ચાલતી ઘોર હિંસા બંધ કરવાનું કહેનારને તે નાસ્તિક, પાતકી અને નરકગામીનું સર્ટિફીકેટ આપે છે. એ તો અનુભવ થયો હોય તેને જ ખબર પડે. આવાજ મૈથીલી બ્રાહ્મણો છે તેમની તો માનવતા લુંટાઇ ગઇ હોય. તેનું દેવાળું નીકળ્યું હોય તેમ અનુભવીને જણાય છે. હજી આજેય ગંગા કાંઠે બેસી ગાયત્રીનો જાપ જપતાં હરી ૐ હરી ૐ કરતાં કરતાં લોટામાં જળડોડી ( માછલીઓ ) ભરી લ્યે છે; અને તેમાં જીવનનો પરમ ઉલ્લાસ માને છે. આ સિવાય કાશીવિશ્વનાથનું મંદિર, હિન્દુ વિશ્વવિદ્યાલય, નાગરી પ્રચારીણી સભા, મણિકર્ણિકાના ઘાટથી નજીકમાં રહેલ માનભૂવન—જેમાં જયપુરના રાજાએ બંધાવેલ વેધશાળા છે. જયપુર–દિલ્હી અને બનારસમાં તેમણે વેધશાળાઓ બંધાવી હતી. બનારસની વેધશાળા જોવા જેવી અને જ્યોતિષીને ખાસ જરૂરી સાધનોદ્વારા આકાશ, પટગ્રહ, નક્ષત્ર પરિભ્રમણ આદિ જોવાનું–જાણવાનું મળે છે. હિન્દુ વિશ્વવિદ્યાલયમાં તો ૩૫ ૪૦ જૈન વિદ્યાર્થીઓ છે અને ભાવિક છે, હમણાં તો જૈન ચેર પણ સ્થપાઇ છે ત્યાં અમારૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાહેર વ્યાખ્યાન રાખવાની તેઓની ઇચ્છા હતી પરંતુ પરીક્ષા ચાલતી હોવાથી અનુકૂળતા ન મળી અને અમારે થોડું જ રોકાવાનું હતું એટલે તેમની ઇચ્છા પુરી ન કરી શકયા. આ સિવાય સમય હોય તો રાજભૂવન, તળાવ અને બીજું પણ ઘણું ઘણું જોવાનું જાણવાનું અહીં છે.

**એક આશ્ચર્ય.**

ભારતના હિન્દુઓનું યાત્રાનું પરમ ધામ કાશી. અહીંનું કાશીવિશ્વનાથનું મંદિર જોઇ ભલભલાને આશ્ચર્ય થયા વિના નહિં રહે. એક નાના ગામનું જૈન મંદિર પણ વધુ સ્વચ્છ અને સુંદર લાગે એટલામાં બધું સમાઇ જાય છે. મંદિરમાં પાણી, ચીકાશ અને મલીનતા એટલી બધી કે જો લક્ષપૂર્વક ન ચાલે તો લપસી પડે અને શરીરનું એકાદ અંગ જોખમાવે. એમ અહીં એક આશ્ચર્યકારક કથા સાંભળી.

કાશીવિશ્વનાથનું અત્યારનું મંદિર નવું બંધાયેલું છે. જુના મંદિરમાં જ્યારે ત્યાં કાશી વિશ્વનાથ હતા ત્યારે કોઈ મુસલમાન બાદશાહ તે મંદિર તોડવા આવ્યો છે અને મંદિર તોડવા માંડયું તે જ વખતે મહાદેવજી ત્યાંથી નાઠા અને રાસભવૃત્તિથી એકદમ નજીકના કુવામાં પડતું મેલી પોતાનો બચાવ કર્યો હતો. હિન્દુશાસ્ત્રોમાં શિવજીને મહાન્ સંહારક શક્તિશાલી માનેલા છે. એ મહાન્ શક્તિસંપન્ન દેવનાં દર્શન કરી હજારો લાખો હિન્દુઓ, પોતાને કૃતકૃત્ય માને છે તે મહાદેવજી જ્યારે પોતાના બચાવ અર્થે કુવામાં પડતું મેલે તે કેવું આશ્ચર્ય મનાય. તે કુવો પણ અત્યારે વિદ્યમાન છે; દરેક પ્રેક્ષકને બતાવાય છે અમે પણ જોયો અને જુના મંદિરની જે મસજીદ થઇ છે તે પણ ત્યાંજ નજીકમાં છે. ત્યાં હિન્દુભકતોને કેટલી મુશ્કેલી પડે છે તે અનુભવીઓની જાણબહાર નથી. એ મહાન્ સંહારશક્તિ સંપન્ન દેવે પોતાની શક્તિનો થોડો પણ પરિચય આપ્યો હોત તો ત્યાં આજે શું હોત એ કલ્પનાતીત લાગે છે. ત્યાં નજીકમાં કાશીના કરવતનો કુવો, અંધાર કોટડી અને મંદિરની મસ્જીદને રોજ હિંદુઓ જુવે છે અને ભૂતકાલિન ગૌરવને સંભારી ઘવાતા હૃદયે પાછા વળે છે.

બનારસનું વર્ણન એક વિદ્વાન્ જૈન સાધુએ આ પ્રમાણે આપ્યું છે, જુની ગુજરાતી ભાષામાં તે છે અને સત્તરમી શતાબ્દીમાં તે બનાવેલું છે. તે વખતે જે વર્ણન કર્યું છે તે અત્યારે પણ જોવાય છે. બનારસની ઉત્પત્તિ માટે મૂળ આવું વર્ણન મળે છે કે વરણા અને આસા નદીની વચમાં નગર વસ્યું અને તેનું નામ વાણારસી થયું. કવિપણ તે પ્રમાણેજ કથે છે.

કોસ ચ્યાલીસ પ્રયાગથીરે વાણારસી વિખ્યાત
અંતરાલ એ દેશની રે થોડીસી કહી વાત રે. સ. ૧૫

દેખ્યોનગર સોહામણો, વાણારસી વિલાસ, ધવલગેહે વષાંણના ઉચ્ચાઅતિ વિશેસ ॥ ૧
તિણનગરિ ભેલુ પુરો તિહાભાટનાંગેહ, પ્રતિમાપાસ જીણંદની પૂજેપુરણનેહ ॥ ૨

આમ આ જૈન તીર્થમાં આજે દશ ઘર પણ ભાગ્યે જ હશે અને જે છે તે બિનારસજ છે.

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મસાગર ઉપાધ્યાય રાસ.

સંગ્રાહક અને સંશોધક મોહનલાલ દલીચંદ દેશાઇ, એડવોકેટ, મુંબઇ.

ગતાંક પૃ. ૧૫૧ થી ચાલુ.

રાગ સિંધુઓ.

ભવિ અનુમોદોરે મુનિવર એહવા, જેહવા ધનો અણગારોજી;
**હીરજી ધર્મસાગર** કડી જોડલા, હુંતા અવની માહિં સારોજી. ભવિ. ૧૪૯
**પાંચમિ** દિનરે શ્રી સં(ઘ) વીનવઇ, બોલ દિઉ મુનિરાજોજી;
દેવ થયાં રે પચ્છઇ આવવું, સાંનિધિ દેવાનઇં કાજો જી. ભવિ. ૧૫૦
વલતું રે ભગવનજી ઇમિ ભણઇ, 'જે ત્રિભુવનિ વિખ્યાતોજી;
સાહિ **અકબ્બરા** જેણઇં બુઝવ્યો, **હીરવિજય** જગતાતો જી. ભવિ. ૧૫૧
વાહલું હતું રે જિન શાસન ઘણું, 'જગગુરૂ'નઇ દિનરાતોજી;
તે તો રે **હીરજી** ઇહાં (ન)વિ આવીઆ, કુંન હમારી વાતોજી. ભવિ. ૧૫૨
પાંચમઇ આરઇ રે શ્રી સંઘ સાંભલો. **વીર** વચ(ન) સંભારોજી;
દેવ થઇ રે કો આવઇ નહીં, હવણાં એ અવધારોજી.' ભવિ. ૧૫૩
**છઠ્ઠિ** દિનઇં રે શ્રી સંઘ પૂછીઉં, 'વાંછા સી તુમ સારોજી,'
'શુતદ્ધ (શુદ્ધ-શ્રુત) પણઇ રે જિનધર્મ ભાષાઇ, હોજ્યો તિહાં અવતારોજી.' ભવિ. ૧૫૪
મુનિજન સહૂરે ગુરૂનઇ વાનવઇ (વીનવઇ), 'તુમ છઇ દેહ સમાધ્યોજી;
'કેવલી સરખા મુઝ કાયા અછઇ, નહીં રાગ દ્વેષ ન વ્યાધ્યોજી.' ભવિ. ૧૫૫
**સાતમિ** દિનરે મધ્ય રાતિ ગુરૂ ભણઇ, 'અણસણ દ્યુ સુઝુ સારોજી;
પરભવ જાતાં રે જીવનઇ સંબલું, સફલ કરૂ અવતારો-જી.' ભવિ. ૧૫૬
વલતું રે શ્રી પંડિત ઇમ ભણઇ, 'શકુન જોવા પસ્તાતોજી;
જોયાં પછી રે અનશન દેઇસ્યું, એ મુઝ મનમાહિ વાતોજી.' ભવિ. વલતુ. ૧૫૭
શ્રી ગણેશઃ ॥ ૬-૧૩ પ્ર૦ કાંતિવિજયજી પાસેની

[ આમ અધૂરી પ્રત રહી છે પણ સુભાગ્યે આ પછીનું અનુસંધાન એક ફાટેલું પાનું મુનિ જશવિજયને મળેલું કે જે બીજી પ્રતનું છે તેમાંથી મળી આવે છે. તે નીચે પ્રમાણે છે. ]

......રે ગુરૂજી ઇમ ભાષીઉં, શકુન જોવા નહીં લાગોજી;
સ્વયં મુખઇરે અનશન ઉચરઇ, હોજયો પુણ્યનઉ ભાગોજી. ભવિ. (૫૩) ૧૫૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નવમા** દિવસઇરે સહુ તિહાં ગવ્ય (?) જાગીઉં, પણ નવિ કીજઇ વિલંબોજી;
નાંદિ માંડીનઈ રે અનશન આદરૂ, કાજ સારૂં અવિલંબોજી, ભવિ૦ ૧૫૯
નવકાર ગણતાં રે **નવમી** મધ્યરાત્રઇ, **પામ્યા અમરવિમાનોરે**;
જય જય નંદા સુરરમણી કરઇ, દેવ કરઇ ગીત ગાનોજી. ભવિ૦ ૧૬૦
**લબ્ધિસાગર** ગુરૂ બોલઇ ઇણીપરિ, ભગવન જગ જાણોજી;
કાંઇરે વિછોડી અમ્હનઇ તું ગયુ, તું હુતુ અમ્હનઇ ત્રાણોજી. લબ્ધિસા૦ ૧૬૧
**સંશય** પૂછુંરે કેહનઇ તુઝ વિના, સંશય ટાલણહારોજી;
સહુના **સંશય** ટાલ્યા તઈ ઘણા, કહી(આ) શાસ્ત્રવિચારોજી. લબ્ધિ૦ ૧૬૨
હયી (?) આપી દૈવઇ સું કરૂં, કુણ કરસ્યઇ માહરી સારોજી;
એહવા પુરૂષનઇ તું લેઇ ગઉ, હુતુ અમ્હનઇ આધારોજી. લબ્ધિ૦ ૧૬૩
બાલપણાથીરે હું તઇ પાલીઉ, હિવઇ કાંઇ દીધઉ છેહોજી;
નિસ્નેહી તું અમ્હે જાણીઉ, જાણતા અધિક સનેહોજી. લબ્ધિ૦ ૧૬૪
અંત સમય તઇં કઇ નવિ ચિત્તે ધરૂં, રાખું નિર્મલ ધ્યાનોજી;
ભગવન રહું કેહનઇ કહું, તું ગઉ ગુણહનિધાનોજી; લબ્ધિ૦ ૧૬૫
અહનિસ થોડી થોડી નાંમ જપું, ભગવંત ભલીપરિ જાણોજી,
થોડી ઘણી જે(હ) સેવા થઈ, તે તુ ચિત્તમાહિ આણોજી. લબ્ધિ૦ ૧૬૬
ઘણું ઘણું ભગવન તુઝનઇ સું કહું, તું છઇ દીનદયાલોજી,
(એક)વાર દરિસણ દેખાડવું, આણી રંગ રસાલોજી. લબ્ધિ૦ ૧૬૭

રામગિરી

ધન ધન **ધર્મસાગર** ઉવઝાય ........નામઇ નવનિધિ થાઇ
કવિયણ કહઇ ગુણ કેતા કહું, જેહના ગુણનુ પાર નવિ (પમાઇ)...... ૧૬૮
.................... વઇરકુમાર, થૂલભદ્ર ધન્નુ અણગાર,
**ગોયમ** ગણહર સેવઉ સહુ, તુ......સહુ, ૧૬૯
ધન ધન નયરી **ત્રંબાવતી**, જાણઇ ઇંદપુરી સોહતી;
તિહાં વસઇ વવહારી કોડિ,..................જોડિ. ૧૭૦
ચતુરપણઇ ચઉમાસું રહ્યા, ગુરૂ દરિસણ દેખી ગહગહ્યા.
શ્રી........અતિ ઘણા, ખરચઇ રંગઈ દ્રવ્ય આપણા. ૧૭૧
અવસર આવી અણસણ કરી, (નઇ) નિર્મલ ધ્યાન જિ ધરી.
પૂર્વ રિષિના ચરીઅ અણુસરી, શ્રી ગુરૂ પુહુતા દેવની પુરી. ૧૭૨
માંડ(વી)...ખંડની જાણ, શ્રાવક કરઈ તિહાં મહામંડાણ,
નવઈ અંગ પ્રભુ પૂજા કરઈ, અવસર જાણી ( વિત્ત ) વાવરઇ. ૧૭૩
પન્નર મણ સૂકડિ માજનઇ, સારૂ અગર મણ ૨ (બે) ઇમ ભણઇ,
ચૂઆ કપૂર કસ્તૂરી સહી, તસ પરિમલ ચિહું દિસ મહમહી. ૧૭૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક કુતિક તિણુ ઠામઇ હવઈં, દહન દેતી વેલાઇ નવું,
ચમરી જેની ગાઇ(ય) અભિરામ. દેઇ પ્રદિ(ક્ષ)ણા રહી તીણુ ઠામ.
ગાઇ દુહી દૂધઇ સીંચી ચય, જે આવઇ વે તિહન ( ? ) દુહઈ,
દુહીં લિગાઉ ઇ ગાઇ તણું, નિમલ થાઇ (જિ)મ દેહ આપણું. ૧૭૫

લોક લખિ દેખી ઇમિ કહઇ, કામધેનુ આવી સદ્દહઇ,
થા ( ? ) રિઆમાહિ તરણૂ નવિ હોઇ, ગાઇ જાતી નવિ હો ( ઇ )
દેખઇ કોઇ પૂર્વ પુણ્ય પ્રેમ આવી, ગા દેખી સંઘ ઓલઇ નિરમાઇ,
હોઇ સર્વ એહનઇ સિષ્યની વૃદ્ધિ, એહના શિષ્ય હોસઈ સંધિ ? ૧૭૬

શ્રી **ધર્મસાગર** વાચકવરૂ, વાદીવારણુ સીહોજી,
જે ગુણ ગાઇ ગુણુ તાહરા, નિર્મલ હોઇ તસ જીહોજી.
ધન જનની જિનમીઉ, જેહવું જગિ જસ જાસોજી,
જસ મુખ વિમલ કમલ સદા, ભગવતી ભારતી વાસોજી. ૧૭૭
**પાટણ** નયર નામઇ.........

( અહીં પાનું પુરૂં થાય છે, એટલે પછીની કડીઓ મળતી નથી. કોઇ પાસે આ કૃતિની પ્રત હોય તો તે મોકલાવશે અગર તેમાંથી અધુરૂં પૂરૂં કરી મોકલશે અને આ પ્રતમાં જે કંઇ પાઠાંતર યા અશુદ્ધિ યા ત્રુટિ હોય તે સમારી સુધારી પૂરાં કરી મોકલશે તો તેમનો પાડ માનવામાં આવશે, પછીની કડીઓમાં કર્તાનું નામ, રચના-સંવત્સર વગેરે હકીકત હોવી ઘટે. તેના અભાવે આખી કૃતિનો ખ્યાલ સંપૂર્ણ ન આવી શકે, છતાં અનુમાન એ કરી શકાય તેમ છે કે તે કૃતિ ધર્મસાગર ઉપાધ્યાયના કોઇ શિષ્યની હશે અને તેની રચના તેમના સ્વર્ગવાસ પછી તુરતજ ખંભાતમાંજ થઇ હશે. )

આ રાસમાં જે કેટલીક વ્યક્તિઓ અને ગ્રંથોનો ઉલ્લેખ કરેલો છે તે પૈકી જેના સંબંધમાં કંઇક વિશેષ માહિતી પ્રાપ્ત થઇ છે તે નીચે રજુ કરવામાં આવે છે. આમાં કંઇ સ્ખલના થઇ હોય તેની શુદ્ધિ અને વિશેષ હકીકત પ્રાપ્ત હોય તો તેની પૂર્ત્તિ કોઇ કરી મોકલાવશે તો આ લેખક તેમનો આભારી થશે.

**જીવરાજ**—તે જીવા ઋષિ. તે લક્ષ્મીભદ્ર ગણિના શિષ્ય આનંદમાણિક્ય ગણિના શિષ્ય શ્રુતસમુદ્ર ગણિના એક શિષ્ય હતા. આ શ્રુતસમુદ્ર ગણિને સં. ૧૫૫૯ માં સમવાયાંગની પ્રત લખાવી ભેટ થઇ હતી. ( હાલા. ભં. દા. ૭ ) **ભાવવિજય** ઉપાધ્યાયકૃત 'ષડ્ત્રિંશતૂજલ્પવિચાર' એ નામના ચર્ચાગ્રંથમાં જણાવ્યું છે કે तपागच्छे श्री विजयदानसूरि राज्ये पं. जीवर्षिगणि विनेयाः श्रीविजयदान-सूरिपाठिता बहुश्रुता इति लोकैः बहुमानवचनाः श्रीधर्मसागरोपाध्याया आसन्"

( વિજયતિલકસૂરિ રાસની પ્રસ્તાવના. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિદ્યાસાગર**—નામના એક મુનિ પ્રાયઃ વિજયદાનસૂરિના શિષ્ય હતા, કે જે વિદ્યાસાગરના શિષ્ય દેવચંદ્રે બાવન કડીની સુકોસલ મુનિ સઝાય સં. ૧૬૦૨ ના આસો માસમાં રચી.

સંવત સોલ હોય આસો મસવાડઇ, થુણીયા હોય મુનિપુંગવાએ. ૫૧
શ્રી વિજયદાનસૂરીંદ શ્રી વિદ્યાસાગર, સેવક દેવચંદ ઇમ ભણુઇએ. ૫૨

૧ રતુ આ રાસમાં ઉલ્લેખિત વિદ્યાસાગર તો જીવરાજ પંડિતના ગુરૂભાઇજ જણાય છે. તે વિદ્યાસાગર શ્રુતસમુદ્રગણિના એક શિષ્ય હતા અને તેની શિષ્યપરંપરા નીચેની લેખકપ્રશસ્તિ પાટણના હાલાભાઇ ભંડારમાં દાબડા ૭૧ માં સપ્તતિના ટબાની પ્રતિ છે તેમાંથી મળે છે:—

"સં. ૧૭૩૩ વર્ષે માર્ગશીર્ષ માસે શુકલપક્ષે પ્રતિપદા ચંદ્રવાસરે લિખિતં **અવંતી** સમીપે **અબદાલપુરા** મધ્યે **તપાગચ્છે** પંડિતશ્રી **શ્રુતસમુદ્ર** ગણિ શિષ્ય વાચકાવતંસશિરોમણિ મહોપાધ્યાયશ્રી **વિદ્યાસાગર**ગણિ શિષ્ય પંડિત શ્રી **સહજ**સાગરગણિ શિષ્ય શ્રી હેમસાગર ગણિ શિષ્ય પંડિત શ્રી **કી**ર્તિસાગર ગણિ શિષ્ય પં. શ્રી હર્ષસાગર શિ. શ્રી **ધી**રસાગર ગ. વિનેયાણુ પંડિત સુવિહિત સાધુશિરોમણિ પંડિત શ્રી **માન**સાગર ગ. પુણ્યસાગરેણુ લિપીકૃતા મુનિ ઉદયસાગર પઠનાર્થં." આમ સાગરાંત નામોની હાર અનુક્રમે ચાલી આવી છે. આમાંના **સહજ**સાગરના શિષ્ય હાથી ગણિના શિષ્ય **પ્રેમ** સાગર ગણિએ સં. ૧૬૫૪ ના જેઠ વદ ૧ શુક્રવારે જ્ઞાતા ધર્મકથાંગ સૂત્રનો ટબો છજાક મધ્યે પૂર્ણ કર્યો. તેની પ્રત જૈનએસો૦ ઇંડિયા પાસે ૧૭ પાનાની છે.

**તત્ત્વતરંગિણી**—આ ગ્રંથની વૃત્તિની પ્રત વાડી પાર્શ્વનાથના ભંડારમાં ૧૫ મા દાબડામાં ૨૪ પાનાની છે. તેની અંતે આ પ્રમાણે લખેલું છે કે:—

श्री पत्तने भांडागार प्रतिः ।

अस्य ग्रन्थस्य कर्त्ता श्री अणहिल्लपतने श्री कर्मसुंदरसूरि श्री स्थिरचंद्रसूरि श्री हर्षविनयसूरि श्री कल्याणरत्नसूरि श्री सिद्धसूरि श्री पद्मानंदसूरि श्री उदयरत्नसूरि श्री विमलचंद्रसूरि श्री विद्याप्रभसूरि श्री संयमसागरसूरि श्री महीसागरसूरि श्री विनयतिलकसूरि प्रभृतिभिः सर्वगच्छमुनिभिः श्री जिनशासनादूबहिष्कृतः उत्सूत्रप्ररूपकत्वात् धर्मसागर इति । संवत् १६१७ वर्षे कार्त्तिक सुदी सप्तमीदिने शुक्रवारे श्री पत्तनमध्ये ॥

એટલે આ ગ્રંથ સં. ૧૬૧૭ પહેલાં રચાયો હતો અને તેનો બહિષ્કાર સર્વે સૂરિઓએ મળી કર્યો હતો. તે પૈકી ઉદયરત્નસૂરિ તે પિંપલગચ્છના હતા કે જેનો ધાતુપ્રતિમા લેખ સં. ૧૬૧૭ નોજ બુ. ૧ માં લબ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નેમિસાગર અને ભક્તિસાગર**—આ બંનેએ ધર્મસાગરના સ્વર્ગવાસ પછી ધર્મસાગરના મંતવ્યો માટે પૂરી જુંએસ ઉપાડી હતી અને સાગર પક્ષનાં મમત્વને લીધે તપાગચ્છના મુનિમંડલમાં ભારે ખળભળાટ થયો હતો. આ બે મુનિને માટે સં. ૧૬૭૧ માં તપાગચ્છનાયક વિજયસેનસૂરિને ગચ્છ બહારનો નીચે પ્રમાણે પટો કાઢવો પડયો હતો:- -

"॥ છ ॥ સ્વસ્તિ શ્રી શ્રી હીરવિજયસૂરિ ગુરુભ્યો નમઃ ॥ શ્રી વિજયસેનસૂરિભિ ર્લિખ્યતે ॥ સમસ્ત સાધુ સાધવી । શ્રાવક શ્રાવિકા યોગ્યં । અપરં ઉપાધ્યાય શ્રી લબ્ધિસાગર ગણિ શિષ્ય ઉપાધ્યાય શ્રી નેમિસાગર ગણિનઉં ઉપાધ્યાય પદ પાછું લીધઉં છઇ । અનઇ એભિરા સંઘાતિઈં ગછનો સંબંધ ટાલ્યઉ છઇ ॥ તથા પં. ॥ ભક્તિસાગર ગણિ સંઘાતિઇં પણિ ગછસંબંધ ટાલ્યઉ છઇ ॥ એ સમાચાર સહૂ જાણયો અનઇ સર્વત્ર જણાવયો ॥ સં. ૧૬૭૧ વર્ષે ઇતિ ભદ્રં ॥ છ ॥"

**પ્રવચનપરીક્ષા**—સવૃત્તિ ( ભાં. ૩, પૃ. ૧૪૪-૧૫૫ ) આ એક મોટો ગ્રંથ છે. તેમાં જૈન સંપ્રદાયમાં ચાલતા કેટલાક જુદા જુદા ગચ્છોની પરંપરા અને માન્યતાના સંબંધમાં ખૂબ ખંડનમંડનાત્મક વિવેચન કરેલું છે. એજ ગ્રંથને લઇને પાટણમાં અભયદેસૂરિ ખરતર ગચ્છમાં થયા કે નહિ એ સંબંધી વાદ-વિવાદ સં. ૧૬૧૭ માં મચ્યો હતો. આ ગ્રંથના પ્રત્યુત્તર રૂપે ખરતરગચ્છ તરફથી પણ એવીજ કોટિનાં લખાણો લખાયાં હતાં. એ બધાં લખાણો મોટે ભાગે સંસ્કૃતમાં છે. દાખલા તરીકે ગુણવિનયે ઉત્સૂત્રોદ્ઘાટન કુલક નવાનગરમાં રચ્યું. આ ગ્રંથને તેના કર્તાના સ્વર્ગવાસ પછી તેના શિષ્યો વિશેષ મમત્વથી સ્વીકારી તેની પ્રરૂપણા કરતા હતા, તેથી વિજયસેનસૂરિને એક પટો લખી નીચે પ્રમાણે જણાવવું પડયું હતું: –

'સંવત ૧૬૭૧ વર્ષે પોષ શુદિ ૧૩ સોમે અહમ્મદપુરે શ્રી વિજયસેનસૂરિભિર્લિખ્યતે ॥ સમસ્ત તપાગછ સમવાય યોગ્યં । અમ્હારી આજ્ઞાપૂર્વક મધ્યસ્થ પાંચ ગીતાર્થ બઇસી પ્રવચનપરીક્ષા ગ્રંથ સોધાઇ તિવાર પછી વાંચવઉ ॥ અન્યથા ન વાંચવઉ ॥ તે પ્રીછયો ॥ ઇતિ ભદ્રમ્ ॥"

આ ગ્રંથની પ્રત ભાંડારકર ઇન્સ્ટિટયૂટમાં છે તેનું મૂલનામ કર્તાએ કુપક્ષ-કૌશિક સહસ્રકિરણ આપ્યું હતું. પણ તે જણાવે છે કે પ્રવચન પરીક્ષા એ બીજું નામ હીરવિજયસૂરિએ આપ્યું હતું. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

( ગતાંક પૃષ્ઠ ૧૭૪ થી શરૂ. )

( અનુ૦—વિઠ્ઠલદાસ મૂ. શાહ. )

મનની સરખામણી દર્પણ સાથે કરવામાં આવે છે. જો દર્પણ મેલું હોય છે તો આપણે આપણું મુખ બરાબર જોઈ શકતા નથી. એવી રીતે મનમાં મેલ હોય છે ત્યારે તેમાં ઇશ્વરને સ્પષ્ટ જોઇ શકતા નથી. ખૂબ પરિશ્રમ પૂર્વક આધ્યાત્મિક સાધના, ધ્યાન, નિઃસ્વાર્થ કાર્ય, ભક્તિ વગેરે દ્વારા મનશુધ્ધિ કરો, ત્યારે જ પરમાત્માનુભવ થશે.

સમાધિમાં જોવા–સાંભળવાનું નથી હોતું. તેમાં ભૌતિક કે માનસિક ચેતના નથી હોતી. પણ કેવળ આધ્યાત્મિક ચેતના હોય છે. કેવળ સત્ રહે છે, જે આત્માનું મૂળ સ્વરૂપ છે.

જેવી રીતે આપણે સામેનું વૃક્ષ જોઇએ છીએ તેવી રીતે જીવોના મનમાં જે કાંઈ હોય છે તે પણ કોઇને કોઈ જુએ છે અથવા જાણે છે. આપણી સામે એક કાચનું પાત્ર છે, તે પોતે નથી જોઇ શકતું; એક કરણ, નેત્ર અને દ્રષ્ટાની આવશ્યક્તા છે. જો આપણે કહીએ કે કાચનું પાત્ર પોતે જોઇ શકે છે, તો તેનાથી કર્મ–કર્તૃત્વ–ભાવનો વિરોધ ઉત્પન્ન થાય છે, તેથી આપણે માનવું પડશે કે મનનો કોઇ ગુપ્ત સાક્ષી છે, જે નિત્ય, નિર્વિકાર, સર્વજ્ઞ અને સતત્ જ્ઞાનમય છે. તે જીવોના મનમાં ઉઠનારા વિકારો તથા વૃત્તિયોને જોયા કરે છે.

સ્વપ્નમાં જે વિષય પ્રત્યક્ષ થાય છે તે જાગ્રતાવસ્થામાં થયેલા સંસ્કારોની પુનરાવૃત્તિ સ્વરૂપ છે, અને કેવળ સ્વપ્ન જોનાર માટે તેઓ બહાર પણ હાજર હોય છે. તે પ્રત્યક્ષ વિષય અંતરેન્દ્રિય મનદ્વારા આવિર્ભૂત થાય છે, એટલા માટે એને આંતરપ્રત્યક્ષ કહે છે.

એ સતત્ સંક્ષુબ્ધ મન પોતાના સંકલ્પદ્વારા જગત્‌ની સૃષ્ટિ કરે છે, આ માયાત્મક જગત્ મનના સંકલ્પથી ઉત્પન્ન થાય છે.

જેવી રીતે બીજ અનુકૂળ સમય અને સ્થાન મળતાં જ અંકુરિત થાય છે તેવી જ રીતે દ્રષ્ટા, મનના સંકલ્પદ્વારા દૃશ્યરૂપે પ્રકટ થાય છે; કેમકે દૃશ્ય એ દૃષ્ટા સિવાય બીજું કશું નથી.

એક તાંત્રિક પોતાના ભૌતિક, સ્થુલ નેત્રોનો ઉપયોગ કર્યા વગર કેવળ પોતાના મનથી જ જોઇ શકે છે. એક ભગવદ્‌ભક્ત કે જેણે ભગવાનની સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભેદ પ્રાપ્ત કરેલ છે, તે ભગવાનની આંખોથી જુએ છે, જ્ઞાની આત્મજ્ઞાનના નેત્રો (દિવ્ય–દૃષ્ટિ)થી જુએ છે.

આ જગત્ મનનું જ સ્વરૂપ છે.

વ્યષ્ટિગત મન નિરાકાર અને સર્વવ્યાપી છે. જો કે તેને નામ છે, તો પણ બાહ્ય અથવા આંતરિક દૃષ્ટિએ તેને કશું રૂપ નથી. એ આકાશની માફક ચારે દિશાએ વ્યાપી રહેલું છે. જ્યાં કોઇ પણ સંકલ્પ હોય છે ત્યાં મન પણ રહે છે.

સંકલ્પના નાશ સાથે જ દૃષ્ટા તથા દૃશ્યના બધા ભાવો અદૃશ્ય થઈ જાય છે.

જેવી રીતે સ્વપ્ન પોતાની અંદર એક બીજા સ્વપ્નને ઉત્પન્ન કરે છે, તેવી રીતે મનનું દૃશ્ય સ્વરૂપ નથી છતાં અસત્ દૃશ્યને ઉત્પન્ન કરે છે. કોઇ પણ વિષય ઉપર ચંચળ હોવાનો મનનો સ્વભાવ છે, તે ચલિત થયા કરે છે અને શાંત થઈ જાય છે.

જો આપણે માનસિક વિકલ્પો અને વિકારોનો ત્યાગ કરીને પરમાત્માની સાથે આપણો સંબંધ જોડીએ તો મનનું એ વિકટ બંધન દૂર થઇ જશે, સઘળા સંશય જતા રહેશે અને કર્મોનો નાશ થઇ જશે.

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वे संशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥

જીવનમુક્ત પુરૂષમાં મનના સ્વભાવનું તો નિરીક્ષણ કરો. તે પ્રત્યેક પરિસ્થિતિમાં એક જ રહે છે. વિષયોને માટે તેમાં જરા પણ પ્રેમ નથી હોતો,, તેનું મન દોષથી વિકૃત નથી થતું અને હમેશાં શાંત રહે છે. તેનું મન હર્ષ તથા શોકથી મુક્ત હોય છે. તે સુખથી ઉમંગમાં નથી આવતું, તેમ દુઃખ અથવા શોકથી વ્યથિત નથી થતું. તે દુષ્ટ વાસનાઓથી મુક્ત હોય છે, તેનું મન સાંસારિક વિષયો ઉપરથી ઉઠી ગયું હોય છે.

જો મનના વિકાર કે જે વાસનાત્મક સુખનાં કારણ છે, તે નષ્ટ થઇ જાય તો આત્મા અહંકારથી રહિત થતાં અનિર્વચનીય બ્રહ્મત્વ પ્રાપ્ત કરે છે.

જે મન જુદા જુદા વિષયોનો ઉપભોગ કરતું હોય છતાં તેમાં આસક્ત નથી થતું, તે પોતે જ બ્રહ્મ કહી શકાય છે.

એકાગ્રતામાં ધ્યાનની મુખ્યતા હોય છે, તે જ ઇચ્છાશકિતનો આધાર છે. જ્યારે તેનું સાચું સંયમન થાય છે અને જ્યારે તેને અંતઃપ્રેક્ષણના હેતુથી અંતર્જગતની તરફ લગાડવામાં આવે છે ત્યારે તે મનને જુદું પાડે છે અને અનેક અદ્ભુત બાબતો આપણી સમક્ષ ખુલ્લી કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનની શક્તિ વિખરાઇ ગયેલા પ્રકાશના કિરણો જેવી હોય છે. મનનાં કિરણો જુદા જુદા વિષયો તરફ ખેંચાય છે. આપણે તેને ધીરતાપૂર્વક અભ્યાસ અને વૈરાગ્યદ્વારા તથા ત્યાગ અને તપદ્વારા સમેટી શકીએ છીએ, અને ત્યારે જ અત્યંત ઉત્સાહપૂર્વક પરમાત્મા તરફ આગળ વધી શકીએ છીએ.

બહારની ચેષ્ટાઓથી મન તથા ઇન્દ્રિયોની સૃષ્ટિ થાય છે, તે જ કારણથી આપણે બાહ્ય વિષયોને જ જોઇએ છીએ અને આંતરિક આત્માને નથી જોતા. માયાની વિશેષ શક્તિ આપણને બહાર તરફ ખેંચે છે. બાલ્યાવસ્થાથી જ આપણને બાહ્ય જગત્ તરફ જોવાનું શીખવવામાં આવ્યું છે. આપણી અંતઃપ્રેક્ષણની શક્તિ તદ્દન નષ્ટ થઇ જાય છે.

જ્યારે આપણા મનનું વિશ્લેષણ કરીને આપણે અવિનાશી, શાશ્વત, શુદ્ધ, પૂર્ણ, નિર્વિકાર વિષયોનો સંબંધ કરીએ છીએ ત્યારે આપણે દુઃખ શોકથી મુક્ત થઇએ છીએ.

મનુષ્યના મનની અમાપ શક્તિ છે. એ જેટલું એકાગ્ર થાય છે તેટલી તેને વિશેષ શક્તિ મળે છે.

આપણે માનસિક કિરણોને જુદા જુદા વિષયો ઉપરથી એકત્રિત કરીને ઇશ્વરમાં મન એકાગ્ર કરવા માટે જન્મ લીધો છે, એ જ આપણું મુખ્ય કર્તવ્ય છે. આપણે પરિવાર, સંતાન, ધનદોલત, શક્તિ, પદપ્રતિષ્ઠા, નામ અને કીર્તિના મોહને લઇને આપણું કર્તવ્ય ભૂલી જઇએ છીએ.

બહારના વિષયોપર મનને એકાગ્ર કરવાનું સ્હેલું છે, મનને બહાર જવાની સ્વાભાવિક પ્રવૃત્તિ હોય છે. કામના ભાવનાત્મક મનનું એક રૂપ છે, એની અંદર મનને બહાર સપડાવવાની એક શક્તિ રહેલી છે.

જ્યારે કોઇ સાધક વિશુદ્ધચિત્ત બનીને એક ગુરૂ મારફત આધ્યાત્મિક રહસ્યમાં પ્રવેશ કરવા માટે દીક્ષિત થાય છે ત્યારે તેનાં મનને નિશ્ચલ પ્રાપ્તિ થાય છે. તે નિર્વિકલ્પ દશામાં પ્રવેશ કરે છે.

જ્યારે મનના સંકલ્પોના સંસ્કાર નષ્ટ થઇ જાય છે ત્યારે નિર્વિકલ્પ પરમાત્મપદ પ્રાપ્ત થાય છે. સંકલ્પોનો નાશ થવાથી મન એવી અવસ્થા પ્રાપ્ત કરે છે કે તેની આગળ સાર્વભૌમ પદ પણ તુચ્છ થઇ જાય છે.

સંકલ્પ જ સંસાર છે, તેનો નાશ એજ મોક્ષ છે.

માનસ વિજ્ઞાનના સિધ્ધાન્ત અનુસાર પુરૂષ બહુપત્નિક છે અને સ્ત્રી બહુભર્તૃક છે. માનસિક કર્મ જ વાસ્તવિક કર્મ છે. વિચાર જ વાસ્તવિક કર્મ છે. જે મનુષ્ય હમેશાં સ્ત્રી સહવાસ કરે છે તે છ મહીને એકવાર વેશ્યા ગમન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારથી ઓછો વ્યભિચારી નથી ગણાતો. મનુષ્ય વારંવાર ખરાબ વિચારોનું સેવન કરે છે તો તે મહા વ્યભિચાર કરે છે.

વાસના મનરૂપી સરોવરના તરંગ છે. તેનું સ્થાન *કારણ શરીર છે, જ્યાં તે બીજરૂપે રહે છે અને મન સરોવરમાં* પ્રકટ થાય છે. સાધકને વિજ્ઞાનમય કોશ એક મહાન દુર્ગનું કામ આપે છે. જ્યાંથી તે કારણ શરીરમાંથી નીકળીને મનમાં ઘુસવાની ચેષ્ટા કરનાર વાસનાઓ ઉપર આક્રમણ કરી શકે છે. વિજ્ઞાનમય કોશ (બુધ્ધિ) ની સહાયતાથી શમસાધનદ્વારા ધીમે ધીમે વાસનાઓનો નાશ કરવો જોઇએ. એજ વાસના ત્યાગ છે. એ આક્રમણ અથવા યુધ્ધ આંતરિક હોય છે. આક્રમણ બહારથી પણ થવું જોઇએ. દમ (ઇન્દ્રિય-નિગ્રહ) દ્વારા બાહ્ય વૃતિનો વિરોધ થવો જોઇએ. દમ દ્વારા ઇંદ્રિયોને કુંઠીત કરી દેવી જોઇએ. મોદકની વાસનાને, અંતરિક વાસનાઓનો નાશ કરીને ત્યાગદ્વારા નષ્ટ કરી દેવી જોઇએ. આપણે બજારમાં નીકળીએ અને આપણી આંખો મોદક ઉપર પડે તેનાથી બાહ્ય વૃત્તિ ઉત્પન્ન થાય છે તેનો નાશ આંખોને તેના ઉપરથી હઠાવી લઇને અને મીઠાઇ લેવાનો ત્યાગ કરીને કરી દેવો જોઇએ. મનના નિગ્રહમાં દમ શમને સહાય કરે છે. વાસનાઓના નાશ માટે દમ સહાયક બને છે. વાસનાથી જ મનમાં ચંચલતા ઉત્પન્ન થાય છે. વાસના પ્રકટ થાય છે કે તરત જ મન અને વિષયની વચ્ચે એક પ્રકારનો ગાઢ સંબંધ થાય છે. જ્યાંસુધી મન તે વિષયોને પ્રાપ્ત કરીને તેનો ઉપભોગ નથી કરી લેતું ત્યાંસુધી તે ચંચળ રહે છે, અને વૃત્તિઓ તે તરફ પ્રવાહિત રહે છે. ઇચ્છાની નબળાઇને લઇને સામાન્ય જીવનમાં મનુષ્ય વાસનાઓને દબાવી કે રોકી નથી શકતો. સાધક કેટલોક વખત વાસનાને દબાવી શકે છે, પરંતુ તેને તક મળે છે કે તરત તે બમણાં જોરથી ફરી પ્રકટ થાય છે, વાસનાનો પૂરેપૂરો મૂલોચ્છેદ થવો જોઇએ.

વ્યષ્ટિ મનનો સમષ્ટિગત મનની સાથે સંબંધ છે. જો 'અ' અને 'બ' મિત્ર છે તો 'અ' ના મનનો સંબંધ 'બ' ના મનની સાથે છે, 'અ' ના સગાં સંબંધીઓના મનનો સંબંધ 'અ' ના મનની સાથે છે. એ પ્રમાણે અનેકનાં મન 'બ' ના મનની સાથે સંબંધ ધરાવે છે, તેથી જે લોકોના મનનો સંબંધ 'અ' ના મનની સાથે સંબંધ રાખે છે તેઓનો સંબંધ 'બ' ના મનની સાથે સંબંધ રાખનાર લોકોના મનની સાથે થઇ જાય છે. એ રીતે એકનું મન આખા સંસારના લોકોના મનની સાથે સંબંધિત થઇ જાય છે. આ મનની વિભુ—અવસ્થા છે. યોગ શાસ્ત્રાનુસાર મન વિભુ (સર્વ વ્યાપી) છે.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર સમાલોચના.

૧ **ભગવાન મહાવીરનાં દશ ઉપાસકો:**—અનુવાદક અધ્યાપક **બેચરદાસ દોશી.** સાતમા અંગમાં ભગવાન મહાવીરના દશ ઉપાસકોની આપેલી રૂપરેખા ઉપરથી આ સરળ મુદ્દાસર અનુવાદ રા. બેચરદાસ પંડિતે કરેલ છે. અનુવાદ વિચારપૂર્વક વાંચતાં વાંચકને તેના ટિપ્પણોમાંથી જૈન, વૈદિક અને બૌદ્ધ સંસ્કૃતિની એકવાકયતા દેખાયા સિવાય રહેશે નહિ. અનુવાદની પાછળ ઉપયોગી ટિપ્પણ અને શબ્દકોષ પણ આપેલ છે. ગ્રંથની શરૂઆત થતાં પહેલાં શ્રીમાન્ કાલેલકરની પ્રસ્તાવના પણ ખાસ વાંચવા જેવી છે. ગ્રંથ મનનીય છે. કિંમત આઠ આના. પ્રકાશક શંભુલાલ જગસી શાહ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ, અમદાવાદ.

૨ **જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્ય વિચાર:**—લેખક અધ્યાપકો **સુખલાલજી સંઘવી** તથા **બેચરદાસ દોશી** શ્રી પૂંજાભાઇ જૈન ગ્રંથમાળા નં. ૫ તરીકે આ ગ્રંથ છે. બ્રહ્મચર્ય વિચારનો આ લઘુગ્રંથ જૈનદૃષ્ટિએ વિદ્વતાપૂર્ણ બંને વિદ્વાનોથી લખાયેલો છે. જૈનદૃષ્ટિનું સ્પષ્ટિકરણ તેની વ્યાખ્યા તેના અધિકારી, ઇતિહાસ, ધ્યેય, ઉપાયો તેના સ્વરૂપની વિવિધતા, અતિચારો, નિરપવાદતા એક ખાસ દૃષ્ટિ, સાવધ રાખવા ઉપદેશશૈલી, વૈકાલિકમર્યાદા તેની સિદ્ધિ અને ચમત્કારો વગેરે બાર વિભાગમાં સુંદર શૈલીમાં, મનન–અભ્યાસ કરવા યોગ્ય આ લઘુ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. જૈનધર્મના તત્ત્વજ્ઞાન કે ચારિત્રના વિષયો આવી શૈલીએ પ્રગટ થવા આવશ્યકના છે. છેવટે ટિપ્પણ પણ આપેલ છે. દરેક મનુષ્યે પઠન પાઠન કરવા યોગ્ય આ ગ્રંથ છે. કિંમત રૂા. ૦–૫–૦ પ્રકાશક: શંભુલાલ જગસી શાહ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય. ગાંધીરોડ, અથદાવાદ.

**પ્રાચીન સ્તવન સજ્ઝાય સંગ્રહ**—પ્રકાશક સંઘવી મુળજીભાઇ ઝવેરચંદ પાલીતાણા. તથા નાગરદાસ પ્રાગજી મહેતા અમદાવાદ. આ ગ્રંથમાં સ્તવન સજ્ઝાયનો સંગ્રહ ઠીક કર્યો છે. ઉપયોગી પણ છે. પરંતુ મોટા ટાઇપ, પાકું બાઇન્ડીંગ છતાં કિંમત એક રૂપૈયો. પ્રકાશકને ત્યાંથી મળશે.

વિધિયુકત પંચપ્રતિક્રમણસૂત્રઃ—પ્રકાશક ઉપરોક્ત બંને પ્રકાશકો. હાલમાં આ જાતની પ્રતિક્રમણની બુકોનું પ્રકાશન થવું શરૂ થયેલ છે. જ્યાં મુનિરાજનો વિહાર કે પાઠશાળા ન હોય તેવા નાના ગામોમાં માત્ર આલંબન રૂપ છે. કિંમત રૂા. ૦–૧૨–૦ પ્રકાશકને ત્યાંથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આ સભાની વર્તમાન સ્થિતિ.

ગયા વર્ષમાં સભાએ શું પ્રગતિ કરી તેની ટુંક નોંધ આ નીચે આપીએ છીયે. દર વર્ષે આ રીતે સભાની કાર્યવાહીનું સંક્ષિપ્ત વર્ણન આપવાથી આ સભાના દરેક સભાસદ, બંધુઓ, સભા ઉપર પ્રેમ ધરાવનાર ભાઇઓ અને હિતેચ્છુઓ વગેરેને જાણ થતાં હવે પછીના માટે સભાની ઉન્નતિ માટે કાંઇ સલાહ, સૂચના કે વિચાર તેઓશ્રી જણાવી શકે તેવા હેતુથી જ આવી રીતે દર વર્ષે ટુંક નોંધ અપાય છે.

આ સભાને સ્થાપન થયાં આજે છત્રીસ વર્ષ થયાં છે. નિમિત્ત ગુરૂભકિત છે, આત્મિક કલ્યાણ અને ધાર્મિક સેવા જ છે. તેના ચાલતા ઉદ્દેશ પ્રમાણે સભા કાર્ય કર્યે જાય છે.

**કુલ સભાસદો:—**

૧ આ સભાના ચાર વર્ગમાં થઈ ૩) પેટ્રન સાહેબો, ૧૧૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૧૬) બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૧૨) ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૪૮) પહેલા વર્ગના વાર્ષિક મેમ્બરો અને ૯) બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો મળી ૩૯૯) કુલ સભાસદો હતાં, ગયા વર્ષમાં કેટલાકનો વધારો, કેટલાક સ્વર્ગવાસ પામ્યા, કેટલાક કમી થયા જેથી ગઈ સાલની આખર સુધી ૩૯૦) છે. જેમાં ત્રણ પેટ્રન સાહેબો. ૧૧૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૧૯) બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૧૨) ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૩૬) પહેલા વર્ગના વાર્ષિક મેમ્બરો, અને ૯ બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો, ભાવનગર અને બહાર ગામના મળીને છે. નવા સભાસદો થાય તેના નામો આત્માનંદ પ્રકાશમાં તરત જ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ સભામાં જે જે લાઇફ મેમ્બરોની જે જે ફી (લવાજમ) છે તે જ લઇને તે જ વર્ગમાં દાખલ કરવામાં આવે છે, અને લાઇફ મેમ્બરોને ભેટના પુષ્કળ સારાં સારાં ગ્રંથોનો લાભ અત્યાર સુધી કાંઇ પણ બદલો લીધા સિવાય ધારા પ્રમાણે અપાયો છે–અપાય છે તે તો અમારા માનવંતા સભાસદોને સુવિદિત છે. ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર અને બીજા વર્ગના વાર્ષિક મેમ્બરોનો વર્ગ કેટલાક વખતથી કમી થએલ છે.

**લાઇબ્રેરી–ફ્રી વાંચનાલય:—**

આ વાંચનાલયમાં સાત વર્ગો છે. શુમારે આઠ હજાર ધાર્મિક, નૈતિક, નોવેલ, સંસ્કૃત, ઇંગ્રેજી અને ધાર્મિક આગમો મળી ગ્રંથો છે. લખેલી પ્રતોનો ભંડાર જે ૧૪૦૦) ની સંખ્યામાં છે, તે જુદો છે. તથા ૫૬ ન્યુસપેપરો ડેઇલી, વિકલી, માસિક વગેરે વગેરે સારા સારા આવે છે. જૈન અને જૈનેતર ભાઇઓ સારા પ્રમાણમાં લાભ લે છે. કક્કાવારી પ્રમાણે વાચકોની સુગમતા ખાતર તમામ બુકોનું લીસ્ટ છપાવેલ છે. લાઇબ્રેરીની સુવ્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્થા માટે, મીસ ક્રોઝે, સુબ્રીજ સાહેબ, અને શ્રી ગાયકવાડ સરકારના સેન્ટ્રલ લાઇબ્રેરીના કયુરેટર સાહેબ મોતીભાઇ આમીન વગેરે તેમજ અનેક સંસ્થા અને જાહેર પુરૂષોએ ઉંચા અભિપ્રાય આપેલ છે. આ શહેરમાં તેવી લાઇબ્રેરી બીજી નથી.

સં. ૧૯૮૬ ના આસો વદ ૩૦ સુધીમાં સાત વર્ગોમાં કુલ પુસ્તકો ૭૫૨૬) રૂા. ૧૨૩૩૬ ૧૩–૩ ના હતાં, જેમાં ગઈ સાલની આખર સુધીમાં રૂા. ૪૮૮–૧૫–૩ ના પુસ્તકો ૨૭૭ નો વધારો થતાં કુલ પુસ્તકો ૭૮૦૩ રૂા. ૧૨૮૨૫–૧૨–૬ ના થયાં છે.

## જ્ઞાનોદ્ધાર ખાતું–સાહિત્ય પ્રકાશન ખાતું.—

ચાર પ્રકારે સાહિત્યવૃદ્ધિ–પુસ્તક પ્રકાશન ખાતું સભા કરે છે. ૧ એક સંસ્કૃત-માગધી ગ્રંથો ૨ ગુજરાતી ભાષાના ગ્રંથો, ૩ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી ઐતિહાસિક ગ્રંથ-માળા, ૪ શ્રી સીરીઝ ખાતું, ( અને સાધુ સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડારોના ખાસ ઉપયોગ માટેનું. )

સભા તરફથી પ્રકટ થતા ગ્રંથો સંસ્કૃત–માગધી હાલ અડધી કિંમતે, ગુજરાતી ગ્રંથો મુદ્દલ કિંમતે, સીરીઝના ગ્રંથો ધારા પ્રમાણેની કિંમતે મંગાવનારને અપાય છે. સંસ્કૃતના ખપી લાઇફ મેમ્બરો અને પેટ્રન સાહેબો મંગાવે તેને અને ગુજરાતી ભાષાના તથા સીરીઝના ગ્રંથો બધા લાઇફ મેમ્બરોને ભેટ, તેમજ વાર્ષિક મેમ્બરોને પોણી કિંમતે ભેટ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં શુમારે દોઢસો ગ્રંથો લાઇફ મેમ્બરોને ભેટ અપાયા છે.

ઉપર બતાવેલા ચારે પ્રકારના ગ્રંથો મળી અત્યાર સુધીમાં રૂા. ૧૮૩૩૪ાાા ના ગ્રંથો, સાધુ સાધ્વી મહારાજ તેમજ અન્ય સંસ્થાઓ, જ્ઞાન ભંડારો વગેરેને ભેટ અપાયેલા છે. લાઇફ મેમ્બરોને અત્યાર સુધીમાં અપાયેલ ગ્રંથોની થતી રકમ જુદી છે. અમારા ધારવા પ્રમાણે હિંદુસ્તાનની કોઇ પણ જૈન સંસ્થાએ આટલો મોટો પ્રચાર અને ભેટનું કાર્ય કરેલ નથી. તે થવાનું કારણ ગુરૂ કૃપા છે.

સં. ૧૯૮૭ ની આખર સાલ સુધી સંસ્કૃત–માગધી ૮૦ ગુજરાતી ૬૨ તથા ઇતિહાસિક ૭) મળી કુલ ૧૪૯) ગ્રંથો પ્રગટ થયા હતા. ગઇ સાલની આખર સુધી સંસ્કૃત ૧) શ્રી વસુદેવ હિંડી દ્વિતિય ભાગ તથા ગુજરાતી શ્રી ધર્મપરિક્ષા તથા શ્રી પ્રભાવક ચરિત્ર મળી વધારો થતાં કુલ ગ્રંથો ૧૫૨) આ સભા તરફથી પ્રકટ થઈ ગયા છે. આ કાર્ય સતત્ ચાલ્યા કરે છે. સીરીઝનું કાર્ય સભાએ હાથ ધરતાં રૂા. એક હજાર આપનાર બંધુના નામથી ઉત્તરોત્તર ગ્રંથો પ્રક્ટ થતાં હોવાથી, જ્ઞાનોદ્ધાર સાથે આત્મકલ્યાણ પણ થતું હોવાથી તે રીતની રકમો અત્યાર સુધીમાં પંદર ગૃહસ્થો તરફથી મળી છે. અને આવો લાભ દર વર્ષે નવા જૈન બંધુઓ સાહિત્ય પ્રકાશન માટે સભાને તેવી રકમ આપી લાભ લેવા ઉત્સુક બને છે. અનેક ગ્રંથો સીરીઝ તરીકે પ્રગટ થયા છે. સભાને મળતી મદદથી અનેક ઉત્તમોત્તમ ગ્રંથો પ્રસિદ્ધ થતાં હોવાથી અનેક ગૃહસ્થો તરફથી તે લાભ સભાને મળે છે, અને સાહિત્ય વૃદ્ધિ થાય છે. અને થોડા વખતમાં સસ્તું જૈન સાહિત્ય અને બહોળો પ્રચાર અલ્પ કિંમતે સભા કરી શકશે તે નિઃસંદેહ વાત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કેળવણીને ઉત્તેજન:—** દરેક વર્ષે રૂા. ૧૫૦) સ્કોલરશીપ તરીકે, રૂા. ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને મદદના મળી સુમારે ત્રણસેંહ રૂપીયા અપાય છે; અવકાશે વિશેષ કાંઇ કરવા સભાની શુભ આકાંક્ષા છે.

**આત્માનંદ પ્રકાશ—** આજે ઓગણત્રીશ વર્ષથી પ્રકટ કરવામાં આવે છે. ઉત્તમ લેખો, પુસ્તકોની સમાલોચના, વર્ત્તમાન સમાચારો. અને કોઇપણ માસિક દરેક વખતે જે અત્યાર સુધી નથી આપી શકતું તેવા સારા સારા અનેકવિધ સાહિત્યના ઉત્તમ મોટા ગ્રંથો વધારે ખર્ચ કરી માસિકની આવક કે કમાણીની દરકાર નહિ રાખી ગ્રાહકોને દર વર્ષે ભેટ અપાય છે. જેથી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોની પણ દિવસાનુદિવસ વૃદ્ધિ થતી જાય છે

**સ્મારક ફંડો—** આ સભા હસ્તક શ્રીયુત મૂળચંદ નથુભાઇ કેળવણી ઉતેજન સ્મારક ફંડ, તેમજ-બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી સ્કોલરશીપ મદદ ફંડ તથા કેળવણી મદદ ફંડ અને શ્રીયુત્ ખોડીદાસ ધરમચંદ નિરાશ્રીત મદદ ફંડ ચાલે છે. જેમાં તેના ઉદ્દેશ પ્રમાણે તે તે ખાતામાં સહાયો અપાય છે.

**શ્રી ઉજમબાઇ કન્યાશાળા—** નો વહીવટ આ સભાને તેની કમીટી તરફથી સુપ્રત થયેલ હોવાથી તેનો વહીવટ મદદ આપવા સાથે કરે છે.

**જયંતીઓ—** પ્રાતઃસ્મરણીય ગુરૂરાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરની જેઠ શુદ ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર જઇ, તથા પૂજ્યપાદ ગુરૂવર્ય શ્રી મૂળચંદજી મહારાજની માગશર વદી ૬, શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરિજીની આશો શુદ ૧૦ ના રોજ આ શહેરમાં દેવ, ગુરૂ-ભક્તિ-પૂજા સ્વામીવાત્સલ્ય વગેરેથી દર વર્ષે સભા તરફથી ઉજવાય છે.

**સભાની વર્ષગાંઠ—** છત્રીશ વર્ષથી સભાના મકાનમાં દેવ, ગુરૂભક્તિ-પૂજા ભણાવવા સ્વામીવાત્સલ્ય કરવાં સાથે ઉજવવામાં આવે છે.

**આનંદ મેલાપ—** દર બેસતે વર્ષે જ્ઞાનપૂજન સાથે ટીપાર્ટી સભાસદોને આપવામાં આવે છે.

**જ્ઞાનભક્તિ—** દર વર્ષે જ્ઞાન પંચમીને દિવસે જ્ઞાન પધરાવી ભક્તિ કરવામાં આવે છે.

ઉપરોક્ત હકીકત તથા નીચેની સભાની લેણદેણ તથા સરવૈયા સંબંધી હકીકત વહીવટી ચોપડામાંથી જોવા માટે ખુલ્લી છે. દરેક સભાસદોએ સભાએ આવી જોવાનો લાભ લેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંવત ૧૯૮૭ ના આસો વદિ ०)) સુધીનો રીપોર્ટ.

## શ્રી સભાનું વહીવટ ખાતું.

### શ્રી સભા નિભાવ ફંડ ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૫૦૧) બાકી દેવા સં. ૧૯૮૬ આખર. | ૫૨૪।= ખર્ચમાં તુટતો હવાલો. |
| ૫૦૦) લાઇફ મેમ્બરો સ્વર્ગવાસ પામતાં ધારા પ્રમાણે લવાજમ જમા કર્યું. | ૫૨૪।= |
| ૨૪।= વ્યાજ. | ૫૦૧) બાકી દેવા. |
| ૧૦૨૫।= | ૧૦૨૫।= |

### સભાસદોની ફી ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૬) બાકી દેવા. | ૧૫૦) લાઇફ મેમ્બર થતાં ફી મજરે આપી. |
| ૧૧૬૭। લાઇફ મેમ્બરોના વ્યાજના. | ૧૮) ઉઘરાણી ન પતવાથી માંડી વાળ્યા. |
| ૧૩૧) વાર્ષિક મેમ્બર ફીના. | ૫૬૪) ખર્ચ ખાતાનો હવાલો. |
| ૧૩૦૪। | ૩૫૯। મેમ્બરોને માસિક ભેટ મોકલ્યા તેના ખર્ચનો હવાલો. |
| | ૧૦૯૧। |
| | ૨૧૩) બાકી દેવા |
| | ૧૩૦૪। |

### પહેલા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૧૧૦૦) બાકી દેવા. | ૨૦૦) બે મેમ્બરો સ્વર્ગવાસ પામતાં સભા નિભાવફંડ ખાતે લઇ ગયા. |
| ૨૦૦) નવા મેમ્બરો બે થયા તેની ફીના. | ૨૦૦) |
| ૧૧૩૦૦) | ૧૧૧૦૦) બાકી દેવા. |
| | ૧૧૩૦૦) |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | | ઉ | |
| --- | --- | --- | --- |
| ૧૦૮૦૧) | બાકી દેવા. | ૩૦૦) | સભાસદો સ્વર્ગવાસ થતાં નિભાવ ફંડ ખાતે લઇ ગયા. |
| ૪૫૧) | નવા નવ સભાસદોની ફીના. | ૩૦૦) | |
| ૧૧૨૫૨) | | ૧૦૯૫૨) | બાકી દેવા. |
| | | ૧૧૨૫૨) | |

## ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | | ઉ | |
| --- | --- | --- | --- |
| ૩૦૦) | બાકી દેવા. | | |
| ૩૦૦) | | | |

## શ્રી જ્ઞાન ખાતું.

| જ | | ઉ | |
| --- | --- | --- | --- |
| ૧૦ાા | બેસતા વર્ષના જ્ઞાનપૂજનના. | ૨૮૧૮ાાાા | બાકી લેણા |
| ૯૨ાા-ાા | પરચુરણ કસર વગેરે. | ૧૧૨ાા | વીમાનો ખર્ચ |
| ૧૦૫ા-ાા | પુસ્તકો વેચાણમાંથી રૂ હાંસલ. | ૩૯) | ભાડું વખારનું |
| ૫૮૮) | શ્રીગુરૂતત્ત્વ વિનિશ્ચયના વેચાણમાંથી. | ૧૯૬)ાા | માસિક, વર્ત્તમાન લાઇબ્રેરી માટે |
| ૮૫૬ાાા-ા | વ્યાજનો વધારો. | ૧૧૮ા | લાઇબ્રેરીમાં પુસ્તકો ખરીદ કર્યા |
| ૧૬૫૩ાા૦ા | | ૧૧૧)≡ | પુસ્તકોમાં કમીશન આપ્યું |
| ૨૪૮૯ાા૦ાા | બાકી લેણા. | ૨૫૪)૦ા | આ૦ પ્રકાશ પુ૦ ૨૮ ની ખોટ |
| ૪૧૪૩ા | | ૧૨૫) | ઉજમબાઇ કન્યાશાળાને મદદ |
| | | ૩૩ાા≈ | પેકીંગ ને પરચુરણ ખર્ચ |
| | | ૩૩૪ાા-ાા | પુસ્તકો ભેટ આપ્યા |
| | | ૪૧૪૩ા | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી આત્માનંદ ભવન (મકાન) ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| | | ૧૯૫૭૪।≡ | બાકી લેણા. |
| | | ૬૨।। | વીમો. |
| | | ૯।।≡ | રીપેરીંગ. |
| | | ૧૭૭।।= | વ્યાજ ભાડાના તેર માસના રૂા ૫૪૨।।। બાદ જતાં. |
| | | ૧૯૮૨૪। | બાકી લેણા. |

## શ્રી આત્માનંદ પ્રકાશ પુસ્તક ૨૮ મું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૭૨૧।।– | લવાજમ. | ૫૯૨।– | છપાઈ તથા બાઇન્ડીંગ. |
| ૩૫૯। | મેમ્બરો પાસેથી. | ૩૨૪।= | કાગળ. |
| ૨૫૪।– | ખોટના તે જ્ઞાન ખાતે ઉધાર. | ૨૦૬।।।≡।।। | પોસ્ટ ખર્ચ. |
| | | ૩૬)≡। | વી૦ પી૦ પોસ્ટ કાર્ડ વગેરે પરચુરણ ખર્ચ. |
| | | ૧૨૯।। | ભેટની બુકના. |
| | | ૪૫।।। | ટાઈટલના બ્લોકનો ખર્ચ. |
| ૧૩૩૫)= | | ૧૩૩૫)= | |

## શ્રી સાધારણ ખર્ચ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૪૦૫।।–।। | બાકી દેવા. | ૩૨।।=।। | પરચુરણ ખર્ચ. |
| ૧૭।।= | પુસ્તકો વેચાણમાંથી હાંસલ ¼. | ૩૨।।=।। | |
| | | ૩૯૦।।– | બાકી દેવા. |
| ૪૨૩)≡।। | | ૪૨૩)≡।। | |

For Private And Personal Use Only

## શ્રી ઐતિહાસિક સીરીઝ ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૨૦૧૩) બાકી દેવા. | ૪॥।– સાધારણ ખાતે ફે. |
| ૧૯। પુસ્તકો વેચાણ. | ૪॥।– |
| ૨૦૩૨। | ૨૦૨૭।≡ બાકી દેવા. |
| | ૨૦૩૨। |

## શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રી વિજયાનંદ સૂરિશ્વરજી મહારાજની દેરી રીપેર તથા જયંતિ ( સાધારણ ) ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૨૯૪) બાકી દેવા. | ૬) ગોઠીનો પગાર. |
| ૬૩) વ્યાજના. | ૧૩૫૧) બાકી દેવા. |
| ૧૩૫૭) | ૧૩૫૭) |

## શ્રી મુળચંદભાઇ સ્મારક ફંડ.

| જ | ઉ |
|---|---|
| ૪૬૯) બાકી દેવા. રૂા. ૧૦૦૦) નો બોન્ડ ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત. | ૧૬। સ્કોલરશીપ. |
| ૭૪। વ્યાજ. | ૫૨૭) બાકી દેવા. |
| ૫૪૩। | ૫૪૩। |

## શ્રીયુત ખોડીદાસભાઇ સ્મારક ફંડ.

| જ | ઉ |
|---|---|
| ૪૫) બાકી દેવા. રૂા. ૧૦૦૦) નો બોન્ડ ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત. | ૫૦) પર્યુષણ પર્વ ઉપર મદદ ખર્ચ |
| ૫૦) વ્યાજ. | ૪૫) બાકી દેવા. |
| ૯૫) | ૯૫) |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

## આ સભાનું વર્ત્તમાન નાણાં પ્રકરણ ખાતું.

### સં. ૧૯૮૬ ના આસો વદી ૦)) સુધીનું સરવૈયું.

**જ**

૩૮૩૪ા≈ શ્રી જ્ઞાન ખાતે પુસ્તકોના.

૮૮૨૨)=ા શ્રી પુસ્તકો છપાવવા માટેના ખાતાના.

૧૪૦૮૨ાાા= શ્રી સીરીઝના ખાતે.

૨ાા આત્માનંદ પ્ર. પુ. ૨૯ મા ખાતે

૬૪૩ાા=ા શ્રી પરચુરણ દેવું.

૨૪૫૬૭) શ્રી લાઇફ મેમ્બર ફી ખાતે.

૪૮૦૦) આત્માનંદ ભવન મદદ.

૫૭૫૨ાા≈ જયંતિના ખાતાઓના દેવા.

૩૪૪૧ાા કેળવણી વગેરે સહાયક ફંડના ખાતાઓ.

૫૮૪૦ાા૦ાાા શ્રી સરાફી ખાતાઓમાં દેવું.

૩૧૪ા≈ાાા શ્રી પરચુરણ ઉઅળેક ખાતાઓ મધે દેવું.

૭૨૨૦૧ાાા~ા

**ઉ**

૭૨૩૪)≈ાાા શ્રી જ્ઞાન સંબંધી ખાતાના.

૭૧૭૭ાા=ાા સીરીઝના પુસ્તકો પરાંત છે તેના.

૧૪૧૦ાા~ છપાતાં પુસ્તકો ખાતાના.

૨૪૮)~ાા આત્માનંદ પ્ર. પુ. ૨૯ મા ખાતે.

૯૯૫ાાા~ા શ્રી પરચુરણ ખાતાઓમાં લેણું.

૧૯૮૨૪ા શ્રી આત્માનંદ ભવન ખાતે.

૧૩૫ા≈ શ્રી ગુરૂમંદિર ખાતે.

૩૩૮૮૫)૦ા શ્રી સરાફી ખાતે.

૮૯૩ા શ્રી મેમ્બરોના ખાતે.

૨૯૫ાાા=ાા શ્રી પરચુરણ ઉઅળેક ખાતાઓ.

૧ાા~ા શ્રી પુરાંત બાકી.

૭૨૨૦૧ાાા~ા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


### શ્રી નવપદજી આરાધનાના જીજ્ઞાસુઓને અમૂલ્ય લાભ.

## શ્રીપાળ મહારાજનો રાસ.

શ્રી નવપદજી મહારાજનો મહિમા અપૂર્વ છે, જે કોઇ પણ જૈન તે માટે અજાણ નથી. ચૈત્ર માસ અને આસો માસમાં આવતા ઓળી–આયંબીલ તપ કરી શ્રી નવપદજીમહારાજની આરાધના કરાય છે. તે અઠ્ઠાઇના દિવસોમાં શ્રી નવપદજી મહારાજનું અપૂર્વ મહાત્મ્ય જેમાં આવેલ છે તેવા શ્રીપાળ મહારાજનું અદ્‌ભુત ચરિત્ર તેનો રાસ જે વંચાય છે તે મૂળ તથા તેનું સરલ ગુજરાતી ભાષાંતર સર્વ કોઇ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પાના ૪૬૦ પાકું કપડાનું બાઇડીંગ સુંદર ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ છે, ચૈત્ર શુદ ૧૫ પુર્ણીમા સુધીમાં લેનારને બે રૂપીયા ( પોસ્ટેજ જુદું ) ની કિંમતે આપવામાં આવશે.

---

**શ્રી નવપદજીની પૂજા** ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત. )

પ્રભુભકિતમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. એવા હેતુથીજ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કૃત નવપદજીની પૂજા.** અમોએ તેના ભાવાર્થ, વિશેષાર્થ અને નોટ સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું મંડલ** તે તે પદોના વર્ણ–રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ-ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભીત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેની સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે **શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ અને શ્રીમાન્ આત્મારામજી મહારાજ કૃત નવપદજી પૂજાઓ** દાખલ કરેલ છે. ઉંચા એન્ટીક પેપર ઉપર ગુજરાતી સુંદર જુદા જુદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. આ ગ્રંથનું નામજ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગીતા અને આરાધના માટે તો કહેવુંજ શું ! શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એક ઉતમ કૃતિ છે. અને તેમાં ગુરૂમહારાજ નવપદજી મહારાજનું મંડલ અને યંત્ર આ બુકમાં દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનારને તેની અપૂર્વ રચના જણાયા સિવાય રહે તેવું નથી. આ માટે વધારે લખવા કરતાં તેનો ઉપયોગ કરવા નમ્ર સુચના કરીયે છીએ. કિંમત રૂા ૧–૪–૦ પોસ્ટેજ જુદું.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૯ મું. વીર સં. ૨૪૫૮. ફાલ્ગુન. આત્મ સં. ૩૬. અંક ૮ મો.

## સહેલામાં સહેલું સૂત્ર

' તમે રાજપ્રકરણી મત ગમે તે પ્રકારનો ધરાવતા હો, પરંતુ થોડા સમય માટે પણ તમારા ખર્ચમાં કાપકૂપ કરી તમારા ઘરમાં બચાવ કરવાની નીતિ માટે તો તમે બીજો મત રાખી શકોજ નહિ. આજે તો એક રૂપિયો બચાવશો તેજ તમારો છે. ચોખ્ખી જરૂરીયાત હોય તે સિવાય કંઇ પણ ખરીદી નહિ કરવાનું વ્રત લ્યો. અને થોડાજ મહિના પછી તમારી બચત વધતી જણાશે. જ્યારે દેશના મહાન નરનારીઓ જેલનાં દુ:ખો અને ત્રાસ ખમી રહ્યાં છે ત્યારે તમે ઘેર બેઠાં આટલું યે તપ નહિ કરો ? તમે બીજું કંઇ ન કરો તો આટલું તો માતૃભૂમિ અર્થે સ્વીકારો અને કંઇ પણ ખરીદવાનો પ્રસંગ આવે ત્યારે સ્વદેશી કે હિંદી જ બનાવટની ચીજો જ—મોંઘી હોય તો પણ—ધર્મભાવનાથી સ્વીકારો. રાષ્ટ્રના સંકટ વખતે ઘરમાં પણ સાદાઈ અને સ્વતિગ્રહનું પાલન કરી દેશને અવનતિ અને દારિદ્રયના ખાડામાંથી ઉદ્ધારવા આ ' તપશ્ચર્યા ' આરંભો. "

ભા. ભૂ. પંડિત માલવીયાજી

For Private And Personal Use Only